
ફેબ્રુઆરી ૨૦૨૪
દાદાવાણી
છૂટક પ્રતના ₹ ૨૦
અમારી વાણી કોઈ ધર્મનું કિંચિત્‌માત્ર પ્રમાણ ના દુભાય એવી હોય અને મીઠી હોય.
સાંભળતા સાંભળતા સવાર થાય તોય કોઈને અહીંથી ઊઠવાનું મન ના થાય.
ત્યારે જો જ્ઞાનીઓની વાણી આટલી મીઠી છે, તો (તીર્થંકર) ભગવાનની વાણી કેટલી મીઠી હશે !

## વેરાવળ : ત્રિમંદિરનું ખાત મુહૂર્ત : તા. ૨૮ નવેમ્બર ૨૦૨૩



## અડાલજ : પૂજ્ય નીરુમાનો ૮૦મો જન્મદિવસ : તા. ૨ ડિસેમ્બર ૨૦૨૩




## પાટણ : સત્સંગ-જ્ઞાનવિધિ : તા. ૯ - ૧૦ ડિસેમ્બર ૨૦૨૩



વર્ષ : ૨૯, અંક : ૬
સળંગ અંક : ૩૪૨
**ફેબ્રુઆરી ૨૦૨૪**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2024
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## જ્ઞાની શીખવે 'સ્યાદ્વાદ વાણી'ના સોપાનો

### સંપાદકીય

જગત કલ્યાણના પરમ નિમિત્ત અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) થકી અત્યંત કરુણાથી ઉદ્‌બોધાયેલ અનુપમ જ્ઞાનવાણી આ કાળનું એક અદ્‌ભુત આશ્ચર્ય સર્જાયું છે. સંપૂર્ણ રીતે સામાનું આત્મકલ્યાણ કેમ કરીને થાય તે જ અર્થે નીકળેલી વાણી એ વીતરાગ વાણી ! આ વીતરાગ વાણી એકલી જ મોક્ષે લઈ જનારી છે.

દાદાશ્રી હંમેશાં કહેતા કે અમારી પાસે આ તીર્થંકરોનો માલ છે, અમારો પોતાનો નથી. તીર્થંકર ભગવાન એ કેવળજ્ઞાન સહિત હોય. એમની દેશના જુદી જાતની હોય, સંપૂર્ણ સ્યાદ્‌વાદ વાણી જ હોય. તીર્થંકર ભગવાનના પરમાણુ, એમની વાણીના પરમાણુ ! ઓહોહો ! એ સ્યાદ્‌વાદ વાણી સાંભળતા જ બધાના હૈયા ઠરી જાય. તીર્થંકરો બોલે છે ત્યાં સંપૂર્ણ સ્યાદ્‌વાદ પૂરું થાય છે. તીર્થંકરોની સ્યાદ્‌વાદ વાણી ૩૬૦ ડિગ્રીની હતી ને અમારી સ્યાદ્‌વાદ વાણી ૩૫૬ ડિગ્રીની છે, એટલે પૂર્ણ ના કહેવાય. અમારી વાણીમાં આઘુંપાછું નીકળે, ફેરફારવાળું હોઈ શકે. કારણ કે ગતભવની રેકોર્ડ થયેલ છે.

દાદાશ્રી ખૂબ જ પ્રામાણિકતાથી પોતાની ઊણપનો સ્વીકાર કરે છે કે અમારાથી હજી ક્યારેક સાધુ-મહારાજ માટે કરુણાભાવે કડક વાણી બોલાઈ જાય છે કે ભગવાનની વાત ક્યાં ને તમે લોકોને ક્યાં લઈ જઈ રહ્યા છો ! ખરેખર આ ના હોવું ઘટે. પણ પૂર્વે ચાર્જ કરેલું આજે ડિસ્ચાર્જમાં નીકળે છે, તેના પર પોતે પૂર્ણ જાગૃત છે અને પ્રતિક્રમણ પણ કરતા કહે છે કે આ અમારી કચાશ છે.

જ્ઞાનીની વાણી જીવંત, સાક્ષાત્ સરસ્વતીરૂપ, નિર્‌અહંકારી, રાગ-દ્વેષ રહિત, નિર્મમત્વવાળી, નિરાગ્રહી, નિષ્પક્ષપાતી, સ્યાદ્‌વાદ, અનેકાંતવાળી, વચનબળ સહિતની, કડક પણ પ્રેમમય અને કરુણાસભર હોય. સામાના વ્યવહારાધીન એમની વાણી અનેક જીવોને કલ્યાણ માર્ગે દોરનારી હોય ! આવી સંપૂર્ણ સ્યાદ્‌વાદ વાણી ક્યારે ઉત્પન્ન થાય ? અહંકાર સંપૂર્ણ ખલાસ થાય, જગતમાં કોઈ દોષિત ના દેખાય, જ્યારે બધા જ કષાયોનો ક્ષય થાય, ત્યારે સ્યાદ્‌વાદ વાણી નીકળે. આત્માનો સ્પષ્ટ અનુભવ થયો હોય તો જ સ્યાદ્‌વાદ વાણી નીકળે, ત્યાં સુધી બુદ્ધિની વાત ગણાય. સ્યાદ્‌વાદ વાણી ના નીકળે ત્યાં સુધી મોક્ષમાર્ગમાં ઉપદેશ આપવો ભયંકર જોખમ છે.

તીર્થંકર ભગવાનનું ચારિત્ર, તેમને વર્તતી દશાનું અનુભવ પ્રમાણ જ્ઞાની પુરુષ દાદા ભગવાનને વર્તતી દશા ઉપરથી આવી શકે. જેમ જેમ જ્ઞાની પુરુષનું વીતરાગ ચારિત્ર જોઈએ, એમની વાણી સમજતા જઈએ, તેમ તેમ વીતરાગ ચારિત્રના કારણો સેવાશે. પ્રસ્તુત સંકલન આપણને જ્ઞાની પુરુષની વીતરાગ સ્યાદ્‌વાદ વાણીની યથાર્થ સમજ બક્ષે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# જ્ઞાની શીખવે 'સ્યાદ્વાદ વાણી'ના સોપાનો

## વાણીથી ચારિત્રબળની ઓળખ

'ચારિત્રબળની ઓળખ, સંચારે નીકળેલી વાચા.'

- નવનીત

'ચારિત્રબળ શું છે' તેની ઓળખ શેનાથી થાય ? બીજું કશું જોવાનું નહીં. ભગવા લૂગડાં પહેરે છે કે ધોળાં લૂગડાં પહેરે છે, એ જોવાનું નહીં. ભાષા કેવી નીકળે છે, એના પરથી ચારિત્રબળની ઓળખ થાય.

વાચાય કંઈ જેવી તેવી નથી. સંચારે નીકળેલી એટલે સમતાભાવે નીકળેલી વાણી. સંચાર એટલે ચર ઉપરથી ચાર છે. વાઈબ્રેશન ઊભા થવા તે આ સંચાર. શબ્દો વાઈબ્રેશન ઊભા કરે. પછી ચર ઉપરથી વિચરતી થાય. એના ઉપરથી વિચાર થાય. અને એના ઉપરથી વાણી ઉત્પન્ન થાય.

'વાણી શું નીકળે છે' એના પરથી ચારિત્રબળ ઓળખાય. વાણીના તો અનેક પ્રકારો છે. કડવી, મીઠી, ખાટી, આઘાત કરનારી, પ્રત્યાઘાત કરનારી, ઉપઘાત કરનારી એવી જાતજાતની વાણી. સંસારમાં વાણી નીકળી, એ ચારિત્રબળની ઓળખ કહેવાય.

આત્મા સચરાચર છે. સચરમાં ત્રણ ચર છે; આચાર, વિચાર ને ઉચ્ચાર. આ ત્રણ જો નોર્માલિટીમાં હોય તો વાંધો નથી. આ ત્રણ નોર્માલિટીમાં હોય તો મનુષ્યની સુગંધ આવે જ. માણસની મોટામાં મોટી પરીક્ષા કઈ ? એના આચાર પરથી પરીક્ષા બાંધશો નહીં, એના વિચાર પરથી પરીક્ષા કરશો નહીં, એની વાણી પરથી પરીક્ષા કરજો !

## બુદ્ધિ સ્યાદ્વાદ - જ્ઞાન સ્યાદ્વાદ

બે પ્રકારના સ્યાદ્વાદઃ એક બુદ્ધિ સ્યાદ્વાદ અને એક જ્ઞાન સ્યાદ્વાદ. જો જ્ઞાન સ્યાદ્વાદ હોય તો એનું ચારિત્ર એ વીતરાગ ચારિત્ર. અને બુદ્ધિ સ્યાદ્વાદ હોય છે, પણ એ સંપૂર્ણ સ્યાદ્વાદ હોતું નથી, પણ સ્યાદ્વાદ જેવા લક્ષણો લાગે આપણને. અત્યારે કેટલાય આચાર્ય એવા છે કે જે બુદ્ધિ સ્યાદ્વાદ જેવી વાણી બોલે છે. પણ એ સ્યાદ્વાદ બધે ટકે નહીં અને જ્ઞાન સ્યાદ્વાદ બધે ટકે. પછી મુસ્લિમ ધર્મનો હોય કે ગમે તે ધર્મનો હોય, પણ જ્ઞાન સ્યાદ્વાદ બધે ટકે. અને બુદ્ધિ સ્યાદ્વાદ તો પક્ષ પૂરતું જ હોય. બીજા પક્ષની વાત કરે, ત્યાં એ સ્યાદ્વાદ બોલે ખરા પણ વર્તનમાં ના આવે. એટલે વાણી ખેંચાયેલી હોય.

એક મહારાજ જોડે મેં વાતચીત કરી હતી. મારા અભિપ્રાયના પ્રમાણ જ નહોતા દુભાતા, એને સ્યાદ્વાદ કહે છે. એ એક પ્રકારનું સ્યાદ્વાદ છે, પણ વ્યવહારિક સ્યાદ્વાદ કહેવાય છે. પણ ભગવાનનું સ્યાદ્વાદ તો ના હોય એ.

**પ્રશ્નકર્તા :** વ્યવહારિક સ્યાદ્વાદ એટલે ?

**દાદાશ્રી :** વ્યવહારની વાતોમાં એવું સરસ-સુંદર તમને આમ ફીટ થાય એવું બધું બેસાડી આપે. તમારા મતને તોડે નહીં એવી રીતે.

**પ્રશ્નકર્તા :** એ બહુ ઓછા હોય.

**દાદાશ્રી :** પણ છે એવા. એને એ લોકો સ્યાદ્વાદ માને છે. પણ હું તો એને સ્યાદ્વાદ એક્સેપ્ટ કરું નહીં ને ! સમકિત થયા વગર આને સ્યાદ્વાદ કહેવાય નહીં. સંસારી મીઠી વાણી સ્લીપ કરાવે અને સ્યાદ્વાદી માધુર્ય વાણી ઊર્ધ્વગામી બનાવે !

આ સ્યાદ્વાદ એક અંશ પણ જગતે સાંભળ્યો

નથી. મહાવીર ભગવાન ગયા પછી સ્યાદ્વાદ સાંભળવાનો મળ્યો હશે તો તે કુંદકુંદાચાર્યના વખતમાં અને કંઈક રૂપિયે બે આની સ્યાદ્વાદ સાંભળવા મળ્યો હોય તો કૃપાળુદેવના વખતમાં !

**પ્રશ્નકર્તા :** ત્યાં (અત્યારે) સ્યાદ્વાદ નથી, બીજું બધું છે.

**દાદાશ્રી :** આ દાદા પાસે સંપૂર્ણ સ્યાદ્વાદ નથી, તો બીજે તો સ્યાદ્વાદ તો હોય જ નહીં ને ! એટલે સ્યાદ્વાદ એ આપણે આશા જ શું કરવા રાખીએ ? આ સાધુઓને સ્યાદ્વાદ છે, પણ તે સામાજિક સ્યાદ્વાદ છે. આ સ્યાદ્વાદ તો આ દાદા પાસે કંઈક દેખાય. જ્યાં 'યથાર્થ જ્ઞાન' હોય ત્યાં સ્યાદ્વાદ હોય !

## જ્ઞાની શીખવે સ્યાદ્વાદ ધીમે ધીમે...

**પ્રશ્નકર્તા :** એટલે સ્યાદ્વાદ વાણી બોલવી એ અઘરી છે ને ? સમજણ આવ્યા પછી જ બોલી શકે ને ?

**દાદાશ્રી :** બસ, એ પરમાત્મા સિવાય કોઈ સ્યાદ્વાદ વાણી બોલી શકે નહીં. અમારી સ્યાદ્વાદ વાણી જરા કાચી, ચાર ડિગ્રી કાચી.

**પ્રશ્નકર્તા :** તો પછી દરેક માણસ સ્યાદ્વાદ વાણી બોલવાનો વિચાર ક્યાંથી કરી શકે ?

**દાદાશ્રી :** પણ એ તો શબ્દ પકડીને નકલ કરવા જાય છે ને ! ભગવાનની નકલ કરવા જાય છે. પણ અક્ષરેય ના આવડે. એક પણ માણસને સ્યાદ્વાદ એક અક્ષરેય ના આવડે. વ્યવહારિક સ્યાદ્વાદ બોલે, વ્યવહારનું. પણ ખરું સ્યાદ્વાદ ના આવડે. પણ વ્યવહારિક સ્યાદ્વાદ હોતુંયે નથી. ભગવાનની નકલ કરવા ગયેલા, તે નકલ ચાલે નહીં. અસલ હૃદયથી હોવી જોઈએ, હાર્ટિલી હોવી જોઈએ.

સ્યાદ્વાદ એનું નામ કે 'ડિરેક્ટ' ભૂલ ના દેખાડે, નહીં તો એનો ઘાત કર્યા બરાબર છે. ભ્રાંત માણસને 'ડિરેક્ટ' ભૂલ દેખાડે તો શું થાય ?

સ્યાદ્વાદ પૂરું સમજાયું તમને ? સ્યાદ્ ને વાદ. વાદ એટલે બોલવાનું એવું કે સ્યાદ્ હોય, એટલે કે દરેકના ધર્મને 'એક્સેપ્ટ' કરવો, દરેકની લાગણીઓને એક્સેપ્ટ કરવી. અને આપણા લોક શું કરે ? અરે, વહુને, છોકરાને, બધાને કહેશે, 'તમે બધા ખોટા અક્કલ વગરના છો !' પણ જે વાત કોઈને એટેક ના કરે અને આપણું કામ કાઢે એ સ્યાદ્વાદ વાણી કહેવાય. એવું થોડું મારી પાસે શીખી જાય ને, એટલે પછી આવડે ધીમે ધીમે.

## શીખો, 'અમારું' જોઈ જોઈને

અમારી પાસે શીખવાનું શું છે ? પાસે શા હારું બેસાડી રાખું છું, કે જોઈ જોઈને એમનું જીવન જુઓ, આંખો જુઓ, આંખોમાં શું રહે છે ? સાપોલીયા રમે છે ? ના. સાપોલીયા નથી રમતા. તે શું રમે છે ? વીતરાગતા રહે છે એ શીખો. વાણી દિલ ઠરે એવી હોય. એટલે આ બધું જોડે બેસ બેસ કરવાથી થઈ જાય. આ બધું જોઈને શીખવાનું છે આમાં. આ હું બોલું છું ને, તે જોઈને શીખવાનું છે. બોલતાય તમને મારા જેવું જ આવડી જાય, એક ફેરો જોયું પછી. અમે આ સ્યાદ્વાદ વાણી બોલીએ, એ ભણવાથી ના થાય. ત્યારે લોક શું કહે છે ? તમે કરી બતાવો. એક ફેરો આપણે એને કહીએ, લે ટેબલ પર બેસીને આવી રીતે જમજે. તે એક ફેરો દેખાડવું પડે. પછી એને ફરી શીખવાડવા ના જવું પડે અને ચોપડીઓમાં શીખવાડ્યું હોય, ચોપડીઓમાં પ્લાનિંગ કર્યું હોય ને એ શીખવાડ્યું હોય તો ? ક્યારે શીખી રહે ? આ ગજવું કાપનારાની પાસે મૂક્યો હોય, છ મહિનામાં ઓલરાઈટ કરી આપે.

એક્સ્પર્ટ ! નહીં તો વીસ વર્ષ કોલેજોમાં જાય તોય પણ ના શીખે. એમના પ્રોફેસરને જ આવડે નહીં ત્યાં આગળ !

આ દર્શન કરવાથી મન સારું થાય, મન મજબૂત થાય, વાણી સારી થાય, વિચાર સારા થાય, દર્શનથી જ પાપો ધોવાઈ જાય. જ્ઞાની પુરુષની હાજરીથી જ ફેરફાર થઈ જાય. આ કંઈ ઉપદેશ નથી આપી દીધો, છતાં વાતાવરણથી જ ફેરફાર થઈ જાય.

## અમારી રેકર્ડ કેવી હોય ?

બે રીતે વાત હોવી જોઈએ : વ્યવહારની વ્યવહાર પ્રમાણે અને નિશ્ચયની નિશ્ચય પ્રમાણે, નહીં તો એકાંતિક થઈ જાય. આ તો સ્યાદ્વાદ !

અને અમે લોકોને માટે જે બોલીએ એવું બોલવાનું તમે શીખશો નહીં કદી, કારણ કે અમારો વ્યવહાર-નિશ્ચય સાથે હોય અને અમારે તો બહુ જુદી જાતની જાગૃતિ હોય. ઉપયોગ જ જુદી જાતનો હોય અને પાછા અમારી વાણીના માલિક અમે નથી હોતા. ક્યારેય પણ વાણીના માલિક અમે થતા નથી. માટે એ વાણી પરાશ્રિત છે. માટે એ સહુ સહુના હિસાબ પ્રમાણે નીકળે. પાંચ શેરી હોય તેને પાંચ શેરી વજન જેટલું વાગે છે અને સાત શેરી હોય તેને સાત શેરી જેટલું વાગે. જેટલો એનો લોડ (વજન) હોય છે એટલું કાઉન્ટર (પ્રતિપક્ષી) લોડ આપે છે આ વાણી. એટલે હું જોયા કરું કે આ કેમ આ મહારાજ સાહેબ તરફ બાર મણનો પથરો મારે છે ? ત્યારે મહારાજ પાસે બાર મણનો લોડ છે એવું છે માટે એવું વાગે છે. હું જોયા કરું છું, બાકી મારી ઈચ્છા જ નથી.

અમારી વાણીમાં અશાતના જ ના હોય. પણ એને દુઃખ ના થાય એટલા માટે અમે છેટેથી કહીએ, અમે રૂબરૂમાં ના કહીએ. રૂબરૂમાં પૂછે તો કહીએ, નહીં તો ના કહીએ. એને દુઃખ થાય ને !

આ ઓરિજિનલ ટેપરેકર્ડ બોલે છે. જો અમે જાતે વઢીએ તો અમે તેવા થઈ જઈએ.

આ બધું બોલાય છે પણ એમાં એક અક્ષર પણ 'હું' બોલતો નથી, પણ તમારું પુણ્ય આ શબ્દો બોલાવે છે. 'આ' વાણી નીકળે, તે થકી 'અમે' જાણીએ કે સામાવાળાનું કેવું પુણ્ય છે ! 'અમારી' વાણી એય રેકોર્ડ છે. એમાં અમારે શી લેવાદેવા ? છતાં 'અમારી' રેકોર્ડ કેવી હોય ? સ્યાદ્વાદ ! કોઈ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ ના થાય, દરેકનું પ્રમાણ કબૂલ કરે એવી 'આ' સ્યાદ્વાદ વાણી છે.

અમારી ભાષા કોઈનેય દુઃખદાયી ના હોય, સુખદાયી થઈ પડે દરેકને. આ વાણી અમારી માલિકીની છે જ નહીં. અહંકાર આખો શૂન્ય થઈ જાય ત્યારે રેકર્ડ ચોખ્ખી થઈ જાય. અમને જ્ઞાન થયા પછી રેકર્ડ ચોખ્ખી થઈ ગઈ.

## અમે પણ ચૂક્યા સ્યાદ્વાદ

હું એ તો આ અવતારમાં સાધુ-મહારાજનું આવું બોલું છું. આ આખા જગતના તમામ ધર્મમાર્ગમાં ઊંધું કરી રહ્યા છે. એ બધા માટે હું બોલું છું, જાણે કે આ ધર્મનો રાજા જ હું છું ! પણ આવી રીતે લોકોનું ઊંધું અમારાથી બોલાય નહીં. આમનાથી આ લોકો બધા છૂટવા જ જોઈએ, એટલે બોલીને પણ પાપ વહોરેલાં છે. અને એ પાપ વખતે મારે કંઈ ભોગવવાના હોય તો, એ પાપ મારે ભોગવવા પડે છે. બીજા પાપ નહીં, બીજા મારા સ્વતંત્ર પાપ તો છે જ નહીં. હવે આવું બોલવું પડે તેય છે તે અત્યારે શું રહ્યું ? ખાલી હું બોલું છું. આ બોલતી વખત અમેય

જાણીએ છીએ કે આ ઊંધું બોલાય છે. પણ એ શબ્દો બહાર પડ્યા વગર રહે નહીં ને !

**પ્રશ્નકર્તા :** એ તો દાદા કરુણા ભાવે બોલે છે ને !

**દાદાશ્રી :** છે કરુણા ભાવે. પણ કરુણા ભાવે પણ આમ ન હોવું ઘટે. આમ અમારી વાણી સ્યાદ્વાદ જ ગણાય. પણ કોઈ ધર્મવાળાને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, એવું મારું આ વર્તન હોય છે અને પક્ષપાત નહીં કોઈ જગ્યાએ.

હવે આ કોઈ ધર્મ માટે જે કહેવું પડે છે ને, કે આ વ્યાજબી નથી. એવું કહ્યું ત્યાં સ્યાદ્વાદ ચૂકાયો. છતાં વ્યાજબી પર ચઢાવવા માટે આમ બોલવું પડે છે. પણ ભગવાન તો શું કહે છે ? આય વ્યાજબી છે, પેલુંય વ્યાજબી છે. ચોરે ચોરી કરી તેય વ્યાજબી છે, આનું ગજવું કપાયું તેય વ્યાજબી છે. ભગવાન તો વીતરાગ, ડખોડખલ કરે નહીં ને ! 'ઘાલમેલ કરે નહીં ને !' અને અમારે તો ખટપટ બધી. અમારે ભાગ આ ખટપટ આવી.

**પ્રશ્નકર્તા :** પણ એય અમારા રોગ કાઢવા માટે ને !

**દાદાશ્રી :** હા, તે લોકોને તૈયાર કરવા માટે. આમાં હેતુ સારો છે ને ! અમારો હેતુ અમારી જાત માટે નથી, બધાને માટે છે.

## ભૂલવાળી વાણી ભૂંસી નાખવી

અમે તો શું કહ્યું છે ? આ શબ્દો ના હોત તો મોક્ષ તો સહેજાસહેજ છે. આ કાળમાં વાણીથી જ બંધન છે. માટે કોઈના માટે અક્ષરેય બોલાય નહીં. કોઈ ધર્મનું ના બોલાય. કોઈ પંથનુંય ના બોલાય. છતાં અમે પાછા બોલીએ છીએ. અમે કહેતા જઈએ, તે ટાઈપ થયેલું હોય છે. તે પાછું ભૂંસી નાખજો, એમ કહી દઈએ. ભરેલો માલ નીકળી જાય ને, બળ્યો. આપણી શ્રદ્ધામાં ના હોય, આપણા જ્ઞાનમાં ના હોય, તે પણ માલ નીકળે. ટેપરેકર્ડ છે ને, તેથી !

**પ્રશ્નકર્તા :** આપ તો કહો છો ને, કે જેટલું બોલ્યા, તેના સ્પંદન થયા. એટલે એ પછી છોડે નહીં ને !

**દાદાશ્રી :** તેનું ફળ આવે. પણ અહીં ટેપરેકર્ડમાં તો ના છપાય. અહીં જેટલું અટકાવાય, તેટલું તો અટકી જાય ને ! અને આ જે સ્પંદન થયેલા ને, એમાં અમને રાગ-દ્વેષ નથી. એટલે એ અમને અડે નહીં. મેં તો એમ પણ કહી દીધું કે તમે અહીં બેઠા છો ને, આ તરત છેકી નાખજો. ટેપ ઉપર ફરી ટાઈપ (રેકોર્ડ) કરી લે. એટલે આટલું બધું બોલીએ તેમાં કચરો માલ ના નીકળી જાય, બળ્યો ? પણ આપણે પછી ભૂંસી નાખવું પડે.

## ચાર ડિગ્રીએ નાપાસની મહીં ગૂંચ

**પ્રશ્નકર્તા :** એ ભૂલ થવાનું કારણ શું થતું હશે ?

**દાદાશ્રી :** થતી નથી, પણ કોઈ ફેરો ગૂંચ પડી જાય. આ પુદ્‌ગલનું વાતાવરણ ને ! તેથી એવું એમ જોશથી અમારાથી ના બોલાય કે સંપૂર્ણ સ્યાદ્વાદ છે. ચાર ડિગ્રીએ નાપાસ છું ને, એટલી મહીં ગૂંચવાળી હોય. સંપૂર્ણ સ્યાદ્વાદ નીકળે તો જાણવું કે આ ભવમાં જ મોક્ષે જવાના. અમારી સ્યાદ્વાદ ઘણી ખરી નીકળી છે અને અમુક નથી નીકળતી. એટલે અમે આ ભવમાં મોક્ષમાં નથી જવાના.

કઈ અમારી સ્યાદ્વાદ વાણી નથી ? ઘણી ખરી વાણી સ્યાદ્વાદ જ હોય છે. પણ અમે જે એમ કહીએ છીએ કે 'આ અમુક ફલાણાઓ

આવા છે, તેમ છે', એ અમારાથી ના બોલાય. તમને સમજાવવા માટે, તમને વિગતવાર કહેવા માટે બોલીએ છીએ. એમાં અમને રાગ-દ્વેષ નથી. છતાં આવું બોલવું, એ તો સ્યાદ્વાદ ના કહેવાય.

એ એમની જગ્યાએ બરોબર છે. તમે ટીકા શા માટે કરો છો ? છતાં મારે સમજાવવા માટે વાત કરવી પડે છે. અમારે કોઈની નિંદા કરવી નથી હોતી. તમને આની અવળી અસર ના પડે, તમે ઊંધા રસ્તે ના જાવ અને એમાંથી મુક્ત થાવ, એટલા માટે અમે કહીએ.

## ભૂલ સહિત વર્તન, ભૂલ રહિત દર્શન

અત્યારે તો કોઈ વાત નીકળે છે, તે કોઈ મહાન પુરુષનોય મહીં અંદર હાથ કપાઈ જાય છે. આ હાથ કપાઈ જાય એટલે શું ? ખોટાને અમારાથી ખોટું પણ ન બોલાય. અમારે શું બોલવું જોઈએ ? જગતમાં કોઈ પણ જીવ દોષિત છે જ નહીં, એવી વાણી નીકળવી જોઈએ. હવે દોષિતવાળાને દોષિત કહીએ એ વાણી અમારી ભૂલવાળી કહેવાય. જગત એને ભૂલ ના કહે, પણ અમને પોતાને સમજાય કે આ ભૂલ છે.

અમને જગત આખું નિર્દોષ દેખાય છે પણ તે શ્રદ્ધામાં છે. શ્રદ્ધામાં એટલે દર્શનમાં. અને અનુભવમાં આવ્યું છે કે નિર્દોષ છે જ. અનુભવમાં 'હંડ્રેડ પરસેન્ટ' આવી ગયું છે કે નિર્દોષ જ છે. છતાં વર્તન જે છૂટતું નથી હજુ !

અત્યારે કોઈ ફલાણા સંતની વાત આવી. એ ગમે તેવા હોય તો પણ મારે તો એ નિર્દોષ જ દેખાવા જોઈએ. છતાં અમે પેલું બોલીએ કે 'આવા છે, આવા છે,' એ ના બોલાય. અમારી શ્રદ્ધામાં એ નિર્દોષ છે, જ્ઞાનમાં આવી ગયેલું છે એ નિર્દોષ છે. છતાં આ વર્તનમાં બોલાય છે. એટલે આ વાણીને અમે ટેપરેકર્ડ કહીએ છીએ ને ! ટેપરેકર્ડ થઈ ગઈ એને શું થાય ? ટેપરેકર્ડ ઈફેક્ટિવ છે ને, બધી. એટલે પેલાને તો એમ જ થાય ને, કે હમણે આ દાદા જ બોલ્યા.

**પ્રશ્નકર્તા :** એ બોલતી ઘડીએ આ ભૂલ કહેવાય, એવું અંદર હોય ખરું આપને ?

**દાદાશ્રી :** હા, બોલતી ઘડીએ, 'ઑન ધી મૉમેન્ટ' ખબર હોય, કે આ ખોટું થઈ રહ્યું છે, આ ખોટું બોલાય છે.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે. પણ 'પેલા સંતની આ ભૂલ કહેવાય' એવું જે બોલાઈ રહ્યું છે, તે વખતે એવી ખબર હોય ને, કે એમની આ અપેક્ષાએ આવી ભૂલ કહેવાય ?

**દાદાશ્રી :** હા. કઈ અપેક્ષાએ એમની ભૂલ કહેવાય એ જાણીએ. પણ એ માન્યતા તો પહેલાની હતી ને ! આ બધું એ પહેલાનું જ્ઞાન હતું. એટલે આજની ટેપરેકર્ડ નથી આ.

**પ્રશ્નકર્તા :** એટલે પહેલાનું જ્ઞાન આ ટેપમાં બોલવામાં 'હેલ્પ' કરે છે ?

**દાદાશ્રી :** હા. અને હજુ તો એ અત્યારે બોલી જ રહ્યું છે. પણ લોક તો એમ જ જાણે ને, કે 'આ જે દાદા બોલ્યા, હમણે દાદા બોલ્યા.' પણ હું જાણું કે 'આ પહેલાનું છે. તોય અમને ખેદ તો થયા કરે ને ! આવું ના નીકળવું જોઈએ, એક અક્ષરેય અવળો નીકળવો ના જોઈએ.

**પ્રશ્નકર્તા :** હવે આવું જો જેમ છે તેમ ના બોલો, તો સાંભળનારા બધા ગેરમાર્ગે દોરાય, એવું બને ને ?

**દાદાશ્રી :** સાંભળનારાઓ ? પણ એ બુદ્ધિનો ડખો જ ને ! વીતરાગતાને ડખો નહીં ને કશો !

**પ્રશ્નકર્તા :** પણ સાંભળનારાઓ તો બુદ્ધિને આધીન જ હોય છે ને ?

**દાદાશ્રી :** હા. પણ મારી બુદ્ધિમાં આ સાંભળનારને નુકસાન થશે એટલે નુકસાન ને નફો, 'પ્રૉફિટ એન્ડ લૉસ' જોયા ને ? 'પ્રૉફિટ એન્ડ લૉસ' તો બુદ્ધિ દેખાડે, કે સામાને નુકસાન થશે ! છતાં અત્યારે અમે આ સંતનું બોલ્યા, પણ આજે એ કામનું નથી. પણ તે દહાડે અમે એવું નહોતા માનતા કે આ જગત આખું નિર્દોષ છે.

**પ્રશ્નકર્તા :** તે વખતે બુદ્ધિનો ડખો હતો, એવું થયું ને ?

**દાદાશ્રી :** હા, તે દહાડે બુદ્ધિનો ડખો હતો. એટલે આ ડખા જાય નહીં ને, જલદી !

**પ્રશ્નકર્તા :** એટલે બધું વર્તન પહેલાના જ જ્ઞાનને લઈને છે ને ?

**દાદાશ્રી :** પહેલા બુદ્ધિ જ્યાં સુધી હતી ને, ત્યાં સુધી આ કોચેલું. પણ બુદ્ધિ ગયા પછી કોચે નહીં ને ! નહીં તો બુદ્ધિ હંમેશાંય દરેકને કોચ્યા કરે. બુદ્ધિ હંમેશાંય, જ્યાં સુધી છે ત્યાં સુધી કમ્પેર એન્ડ કોન્ટ્રાસ્ટ ચાલ્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** અને આ જ્ઞાન પછી સિદ્ધાંત મૂક્યો છે ને, કે આ નિર્દોષ છે.

**દાદાશ્રી :** એટલે છે નિર્દોષ, ને શા માટે આવું થાય છે ? અમે ઉઘાડું કહીએ છીએ કે જગત આખું નિર્દોષ છે. અને એક બાજુ આ શબ્દો આવા નીકળે છે ! હવે એ દોષિત અમારી માન્યતામાં નથી, અમારા જ્ઞાનમાં નથી, પણ આ ચારિત્રમાં છે. એટલે કોઈનેય દોષિત અમારાથી દેખાય નહીં. અમે દોષિત કોઈને જોતાય નથી. પણ આ વાણીમાં નીકળી જાય છે કે 'આનો દોષ છે.' દોષિત હોય તેનેય દોષિત ના કહેવાય. આ દોષિત છે, એ તો સાપેક્ષભાવે છે. નિરપેક્ષભાવમાં એવું કશું છે જ નહીં. ભગવાને જે જગત જોયું છે એ તો ઓર જાતનું છે. અમે એ જ જોયેલામાં રહીએ છીએ, એ જ જ્ઞાનમાં રહીએ એટલે અમારે આનંદ રહે.

## ભારે શબ્દો સામે કરાવે પ્રતિક્રમણ

અને જોડે જોડે અમારી પ્રતીતિમાં છે કે કોઈ દોષિત નથી. પ્રતીતિમાં નિર્દોષ છે. એ પ્રતીતિ આખીયે બદલાઈ ગયેલી છે. એટલે નિર્દોષ છે એમ માનીને હું બોલું છું આ.

**પ્રશ્નકર્તા :** નિર્દોષ છે એમ સમજીને બોલો છો ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** તો પછી તમારે પ્રતિક્રમણ શા માટે કરવા પડે ?

**દાદાશ્રી :** પણ ના બોલાય, શબ્દેય બોલાય નહીં. એવો વાંકો શબ્દેય કેમ બોલ્યા ? સામો તો છે જ નહીં, અહીં આગળ. સામાને દુઃખ થતું નથી. અને તમારે બધાને વાંધો નથી કે દાદાને એમની બિલીફમાં તો આવું નિર્દોષ જ છે. પણ શબ્દ આવો ભારે કેમ બોલ્યા ? માટે પ્રતિક્રમણ કરવું પડે. ભારે શબ્દેય ના હોવો જોઈએ.

આ દુનિયામાં બધા નિર્દોષ છે. પણ જો આવી વાણી નીકળે છે ને ! અમે તો આ બધાને નિર્દોષ જોયેલા છે, દોષિત એકુંય છે નહીં. અમને દોષિત દેખાતો જ નથી, ફક્ત દોષિત બોલાય છે. બોલાતું હશે આવું આપણે ? આપણે શું ફરજિયાત છે ? કોઈનુંય ના બોલાય. એની પાછળ તરત એના પ્રતિક્રમણ ચાલ્યા કરે. એટલું આ અમારે ચાર ડિગ્રી ઓછી છે, તેનું આ ફળ છે. પણ પ્રતિક્રમણ કર્યા વગર ના ચાલે.

**પ્રશ્નકર્તા :** તમે તો છૂટા ને છૂટા જ રહો છો, તો પછી શા માટે પ્રતિક્રમણ ?

**દાદાશ્રી :** છૂટા છે, એટલે પ્રતિક્રમણ 'મારે' નહીં બોલવાનું. આ અંદરના અંદર, જે કરે ને, જે બોલે ને, તેને જ કહેવાનું, 'તમે પ્રતિક્રમણ કરી લો.' અને તમારેય એવું જ છે. આ પ્રતિક્રમણ તે 'તમારે' નહીં કરવાનું, 'ચંદુભાઈ'ને કહી દેવાનું. 'તમારે' પ્રતિક્રમણ કરવાનું હોય નહીં. જેણે અતિક્રમણ કર્યું ને, તેણે જ પ્રતિક્રમણ કરવાનું.

**પ્રશ્નકર્તા :** તે ભૂલનું પ્રતિક્રમણ કેવી રીતે કરો ?

**દાદાશ્રી :** પછી પ્રતિક્રમણ કરવું પડે. ભૂલ, જ્ઞાન સંબંધી ના હોય. કોઈ સ્યાદ્‌વાદના વિરોધમાં જતો હોય એ માણસ પર કડકાઈ થઈ ગઈ હોય. સ્યાદ્‌વાદ હોય ત્યારે કડકાઈ ના થાય, બિલકુલ સંપૂર્ણ સ્યાદ્‌વાદ ! આ તો સ્યાદ્‌વાદ કહેવાય, પણ સંપૂર્ણ સ્યાદ્‌વાદ કહેવાય નહીં ને ! એટલે કેવળજ્ઞાન થાય ત્યારે સંપૂર્ણ સ્યાદ્‌વાદ !

એટલે વાણી એ તો મુખ્ય વસ્તુ છે. માણસની વાણી બદલાય નહીં. એ બદલાતા તો ઘણો ટાઈમ લાગે. વાણી બદલાય ત્યારે સ્યાદ્‌વાદ વાણી થાય. ત્યારે જગત એને કહે કે આ જ્ઞાની પુરુષ છે. ત્યાં સુધી બદલાયા કરશે. ધીમે ધીમે મહીં જેમ પરમાણુ ફરશે, તેમ એ વાણી પોતે બદલાયા કરશે. પહેલી માઈલ્ડ થતી સુંવાળી થતી જશે, રેશમી થતી જશે.

## કારણ સેવનની સમજ, કાર્ય સુધારે

એટલે વાણી સુધારવાની જરૂર ખરી ને ?

**પ્રશ્નકર્તા :** વાણી સુધારવાની ઈચ્છા રાખીએ તો વાણી સુધરે ખરી ?

**દાદાશ્રી :** હા, સુધારવાની ઈચ્છા રાખીએ અને આપણે આવો કંઈક પ્રયોગ કરીએ તો થાય. વાણી સુધારવી એટલે શું ? વાણી ગમતી થવી જોઈએ બધાને.

**પ્રશ્નકર્તા :** આપ કહો છો ને, વાણી તો ટેપ થયેલી જ હોય છે ?

**દાદાશ્રી :** હા, ટેપ થયેલી. એટલે વાણી બદલાય નહીં. એ બદલવા જઈએ તોય ના બદલાય. એ એવા કપડાં-લત્તાં નથી કે જે બદલી શકાય. એટલે વાણી એ ફેરફાર કરી શકાય નહીં. એ તો અમુક વસ્તુ કરીએ તેનું પરિણામ છે. એટલે 'આ વાણી સુધારવી છે, આ વાણી સુધારવી છે' એમ આખો દહાડો ભાવના રહ્યા કરે એટલે સુધરી જાય. આવા કારણો સેવાય તો સુધરે પાછું. કારણ તો સેવવા જ પડે ને !

આપણે નક્કી કરીએ કે 'કોઈને દુઃખ ના થાય એવી વાણી બોલવી છે, કોઈ ધર્મને અડચણ ના પડે, કોઈ ધર્મનું પ્રમાણ ના દુભાવાય એવી વાણી બોલવી જોઈએ' ત્યારે એ વાણી સારી નીકળે. 'સ્યાદ્‌વાદ વાણી બોલવી છે' એવો ભાવ કરે તો સ્યાદ્‌વાદ વાણી ઉત્પન્ન થઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ આ ભવમાં ગોખ ગોખ જ કરે કે 'બસ, સ્યાદ્‌વાદ વાણી જોઈએ છે' તો તે થઈ જાય ખરી ?

**દાદાશ્રી :** પણ આ 'સ્યાદ્‌વાદ' સમજીને બોલે ત્યારે. એ પોતે સમજતો જ ના હોય ને બોલ બોલ કરે કે ગા ગા કરે તો કશું વળે નહીં.

**પ્રશ્નકર્તા :** પણ અમે એવું કહીએ કે 'દાદાની વાણી જેવી જ વાણી જોઈએ છે' તો ?

**દાદાશ્રી :** 'જોઈએ છે' એવું બોલવાથી કશું વળે નહીં ને ! એ તો આવી વાણીની ભાવના ભાવવી પડે. વાણી એ તો ફળ છે. બીજ નાખવાનું

છે. કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવી વાણી બોલવાની ભાવના થાય એટલે એવી ટેપ તૈયાર થઈ જાય. એવી વાણી રેકર્ડ થઈ જાય. 'આપણી ભાવના શું છે' એ ઉપરથી કોડવર્ડ થાય.

આ 'જ્ઞાન' મળ્યા પછી પોતાને એ આશય ગોઠવતા આવડે. 'જ્ઞાન' મળ્યા પહેલા તો આશય કશાનું ભાન જ ના હોય ને ! એ પછી જેમ તેમ ગોઠવાઈ જાય. હવે આશય જેવો ગોઠવીએ એવું મળી જાય.

કોની વાણી સારી નીકળે ? જે ઉપયોગપૂર્વક બોલતો હોય. હવે ઉપયોગવાળો કોણ હોય ? જ્ઞાની હોય. એ સિવાય ઉપયોગવાળા હોય નહીં. આ મેં 'જ્ઞાન' આપેલું છે, તેને 'જ્ઞાન' હોય, તેને ઉપયોગપૂર્વક નીકળી શકે. એ પુરુષાર્થ માંડે તો ઉપયોગપૂર્વક થઈ શકે. કારણ કે 'પુરુષ' થાય પછીનો પુરુષાર્થ છે. 'પુરુષ' થયા પહેલા પુરુષાર્થ છે નહીં.

## વાણી, 'ટેપરેકર્ડ' સ્વરૂપે

**પ્રશ્નકર્તા :** ધાર્યા પ્રમાણે બોલવું હોય તો શી રીતે બોલાય ?

**દાદાશ્રી :** બોલાય જ નહીં. એ તો ધાર્યા પ્રમાણે બોલવું હોય તે ક્યારે બોલાય ? એવી ટેપ થયેલી હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ તમે તો ધાર્યા પ્રમાણે બોલી શકો ને ?

**દાદાશ્રી :** ના. એવું મારાથી નથી બોલાતું. તેથી તો આ મારે કહેવું પડે છે અહીં, ખુલ્લું કરવું પડે છે કે ટેપરેકર્ડ છે.

જો હું તમને કહું. કોઈની ભૂલ કાઢવાની મને ઈચ્છા હોતી નથી. હું બધાને, હું આખા જગતને કેવા જોઉ છું ? નિર્દોષ જ જોઉ છું. થઈ ગયેલાને માટે, થશે તેને માટે, બધાને માટે નિર્દોષ જ હું જોઉ છું. અને પછી હું આગળ બોલું છું કે 'આ લોકોએ ઊંધું નાખી દીધું, આમ કરી નાખ્યું.' એટલે શું કહેવા માગું છું કે આ લોકો દોષિત છે. હવે આ વાણી મારે ખપતી ના હોય. છતાં આ વાણી, એ ટેપરેકર્ડ નીકળ્યા કરે છે. ખપતી ના હોય, ઈચ્છાયે ના હોય છતાં ટેપરેકર્ડ નીકળ્યા કરે.

**પ્રશ્નકર્તા :** જ્યારે તમને ખપતી વાણી આવશે ત્યારે કશું થઈ શકશે જ નહીં.

**દાદાશ્રી :** મારે ખપતી વાણી આવશે ને, ત્યારે કોઈ આ દર્શન કરી શકશે નહીં, મને ભેગો જ નહીં થાય. એટલે આ જે વાણી છે, આ ડખલવાળી વાણી છે, ત્યાં સુધી લોકો બધા ભેગા થશે. નહીં તો પછી શી રીતે ભેગા થાય તે ? થઈ રહ્યું, ખલાસ થઈ ગયું, એન્ડ આવી ગયો ! વાણી ધાર્યા પ્રમાણે નીકળે ને, એ જ મોક્ષ ! વીતરાગોની વાણી ધાર્યા પ્રમાણે નીકળે. અમારી વાણી ધાર્યા પ્રમાણેમાં થોડી, આટલી ખામી હોય છે. તેય આ ભવમાં અમુક જ નીકળશે. બાકી તો, થોડીક જ બાકી રહેશે.

પહેલા તો હું બહુ બોલતો હતો. કારણ કે આ લોકોનું ઊંધું દેખીને સહન ના થાય, એટલે ઊંધી વાણી નીકળેલી. પણ અંદરખાને જાણુંય ખરો કે એ નિર્દોષ છે, તોય વાણી નીકળે છે.

**પ્રશ્નકર્તા :** પણ એવી ઊંધી વાણી લોકના આધારે જ નીકળે છે ને ?

**દાદાશ્રી :** હા, એ આધારે નીકળે છે. પણ જવાબદારી તો વ્યવહારમાં મારી જ ગણાય ને ?

**પ્રશ્નકર્તા :** એવું જો માને તો દુનિયામાં કશું થાય જ નહીં.

**દાદાશ્રી :** આ વીતરાગો, તીર્થંકરો જવાબદાર ગણાયા નથી. એમની વાણી એવી નીકળે છે કે એ જવાબદાર ગણાયા નથી.

**પ્રશ્નકર્તા :** જવાબદાર ના ગણાય, તો પછી કલ્યાણ શી રીતે થાય ?

**દાદાશ્રી :** એ તો એમના દર્શન કરીને જેનું કલ્યાણ થઈ જવાનું હોય તેનું થઈ જાય. કોઈનું અટક્યું હોય તો એમના દર્શન કરવાથી એનો ઉઘાડ થઈ જાય, બસ ! ઘણા માણસો અટકી ગયેલા હોય. એ નિમિત્ત જ ખાલી, છેલ્લું નિમિત્ત ! અને તેથી હું કહું છું ને, કે આ 'જ્ઞાન' આપ્યા પછી તીર્થંકર એકલાના દર્શન થશે ને, કે છુટકારો ! દર્શનની જ જરૂર રહી. તીર્થંકરો એ છેલ્લું દર્શન કહેવાય, ફુલ દર્શન !

## માલિકી વગરની સ્યાદ્વાદ વાણી

**પ્રશ્નકર્તા :** પણ આ 'જ્ઞાન' આપ્યા પછી તીર્થંકર ભગવાનના દર્શન થશે, એ તો હંડ્રેડ પરસેન્ટને ?

**દાદાશ્રી :** હા, થવાના જ ને ! એમાં બેમત જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** ધાર્યા પ્રમાણે વાણી નીકળે એનું નામ જ મોક્ષ. એટલે વીતરાગોની વાણી ધાર્યા પ્રમાણે હોય, એમ કહ્યું એ સમજાયું નહીં.

**દાદાશ્રી :** ધાર્યા પ્રમાણેની એટલે, વીતરાગોને તો ધારવાનીયે ના હોય. પણ લોકોને માફક આવે એ ધાર્યા પ્રમાણેની વાણી કહેવાય. બધા લોકોને, કોઈને હરકત ન થતી હોય એ વાણી, એ સ્યાદ્વાદ જેને કહેવામાં આવે છે.

સ્યાદ્વાદ વાણી અહીંથી શરૂ થાય છે, આ હું બોલું છું ત્યાંથી શરૂ થાય છે. પણ તે તીર્થંકરો બોલે છે ત્યાં સંપૂર્ણ સ્યાદ્વાદ પૂરી થાય છે. હવે અમારી વાણી એ કંઈ ખાસ એવી નીકળતી નથી. કારણ કે એ આથમતી વસ્તુ છે ને ! એટલે એની ઉપાધિ નથી હોતી. પણ જગત શું કહે છે ? 'આવું કેમ બોલ્યા તમારા દાદા ?' કારણ કે જગત તો જેમ છે એમ કહેશે, દેખાશે એવું બોલે.

**પ્રશ્નકર્તા :** અત્યારે આપની આ વાણી નીકળે છે એમાં ઘણો ખરો ભાગ તો સ્યાદ્વાદ જ છે.

**દાદાશ્રી :** આને સ્યાદ્વાદ જ કહેવાય. સ્યાદ્વાદ શાથી કહેવાય, કે એ બીજી વાણી નીકળે છે ને, એમાં કર્તાભાવ નથી. આ માલિકી વગરની વાણી છે એટલે સ્યાદ્વાદ કહેવાય. જ્યારથી વાણી માલિકી વગરની થાય ને, ત્યારથી સ્યાદ્વાદ કહેવાય. ભગવાનની વાણીયે માલિકી વગરની છે.

**પ્રશ્નકર્તા :** હવે આ કોઈને દોષિત ઠરાવે એવી વાણી નીકળે છે, તે ઘડીએ પણ વાણીનું માલિકીપણું તો અંદર નથી જ ને ?

**દાદાશ્રી :** એ માલિકીપણું નથી ને, એટલે તો આ સ્યાદ્વાદ વાણી કહી. હવે એ વાણી નીકળે છે તે લોકોને સમી કરવા માટે નીકળે છે. હા, મારે કંઈ લેવાદેવા નથી, એને સમી કરવા નીકળે છે. પણ પબ્લિક આ વાતનો ગુનો ગણે.

## 'કેવળ દર્શન' દેખાડે ભૂલ

અમારું જ્ઞાન અવિરોધાભાસ હોય અને વાણી (સંપૂર્ણ) સ્યાદ્વાદ ના હોય. કોઈ ઝપટમાં આવી જાય એમાં, અને તીર્થંકરોની વાણીમાં કોઈ ઝપટમાં ના આવે. એ તો સંપૂર્ણ સ્યાદ્વાદ ! ઝપટમાં લીધા સિવાય બોલે એ. વાત તો એ એવી જ બોલે, પણ ઝપટમાં લીધા સિવાય.

**પ્રશ્નકર્તા :** આપનું આ સ્યાદ્વાદ કોઈ

ઝપટમાં આવી જાય છે તેથી સંપૂર્ણ ના કહ્યું, તોય પણ એ દર્શન તો સંપૂર્ણ છે ને કે ભૂલ સ્યાદ્‌વાદમાં થઈ ગઈ ?

**દાદાશ્રી :** હા, દર્શન તો પૂરેપૂરું, દર્શનનો વાંધો નહીં. જ્ઞાનેય ખરું, પણ જ્ઞાનમાં ચાર ડિગ્રી ઓછું. એટલે આ (સંપૂર્ણ) સ્યાદ્‌વાદ ના હોય. અમારે દર્શન પૂરેપૂરું હોય. દર્શનમાં બધું તરત જ આવી જાય. ભૂલ તરત ખબર પડે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂલનીય તરત ખબર પડે. જે ભૂલો તો હજુ તમને જોતા ઘણો ટાઈમ લાગશે. તમો તો સ્થૂળ ભૂલો જુઓ છો. મોટી મોટી દેખાય એવી જ ભૂલો જુઓ છો. તેથી અમે કહીએ છીએ ને કે અમારો દોષ હોય, છતાંય કોઈને આ અમારો દોષ દેખાય નહીં, અમને પોતાનો દેખાય.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદમાં ભૂલ થઈ એવા દોષો બધા દેખાય ?

**દાદાશ્રી :** સ્યાદ્‌વાદ-અનેકાંતમાં ભૂલ થઈ એવા દોષો બધા દેખાય. હવે અમારું સ્યાદ્‌વાદ સંપૂર્ણ થઈ રહ્યું છે. સ્યાદ્‌વાદ પૂરું થઈ રહે એટલે કેવળજ્ઞાન પૂરું થઈ જાય. દર્શન છે તેથી તો ખબર પડે કે આ ભૂલ છે. 'ફૂલ' (પૂર્ણ) દર્શન છે, તેથી બધાને કહ્યું ને કે કેવળદર્શન આપું છું.

અમારે પ્રતિક્રમણ કરવું પડે. અમારે મોઢે નીકળ્યા કરે છે. જુઓ ને, આપણું એટલું ફરજિયાત છે. કોઈ ફેરો આચાર્યનું બોલાતું હશે ! બાકી કોઈનુંય ના બોલાય. આ દુનિયામાં બધાય નિર્દોષ છે, એવું જાણીએ છીએ. પણ કોઈનું બોલાય ?

**પ્રશ્નકર્તા :** ના બોલાય.

**દાદાશ્રી :** એ જ વાણી નીકળે છે ને, એની પાછળ તરત જ પાછું આના પ્રતિક્રમણ અમારા ચાલ્યા કરે. એય જુઓ ને, કેવી દુનિયા છે !

વાણી બોલે એની ઉપર અભિપ્રાય જુદો. કેવી આ દુનિયા છે ! એ વાણી બોલે છે, તેની ઉપર અભિપ્રાય કેવો છે કે આવું નથી આ. આ ખોટું છે, આવું ન્હોય. પણ આ દુનિયા કેવી ચાલે છે, એ એની સાથે જાગૃતિ કરીને ચાલે.

બોલીએ ને સાથે ને સાથે એ જાગૃતિ હોય કે આવું ન હોવું જોઈએ. કારણ કે અમે આખું જગત નિર્દોષ જોયું છે. (એવું અનુભવમાં છે) ફક્ત (વર્તનમાં) નથી આવ્યું. તે (વર્તનમાં) કેમ નથી આવ્યું ? તો આ વાણી છે તે એ ડખલ કરે છે.

**પ્રશ્નકર્તા :** ડખલ કરે છે છતાંય આપની તો સતત જાગૃતિ છે.

**દાદાશ્રી :** જાગૃતિ છે, પણ આ આવી વાણી બંધ ના થાય ત્યાં સુધી પૂર્ણપદ તો મળે નહીં ને ! આ વાણી કેવી નીકળે છે ? આ જોશબંધ !

હવે આ વાણી ક્યારે ભરેલી ? જ્યારે જગત નિર્દોષ જોયું નહોતું તે વખતે ભરેલી કે આ આ દોષિત આવા, આવું કેમ કરે છે ? આવું કેમ કરે છે ? આ આવું ના હોવું જોઈએ. જૈન ધર્મ આવો કેમ હોવો જોઈએ ? એ ભરેલું તે આજે નીકળે છે. ત્યારના અભિપ્રાય આજ નીકળે છે. અને આજ તે અભિપ્રાયથી અમે સહમત નથી.

## શુદ્ધતા, 'ભગવાન'ની અને 'જ્ઞાની'ની

એવું છે ને, ભગવાન તો જાણે શુદ્ધ જ છે. અમે પણ શુદ્ધ છીએ. પણ અમે ભાવશુદ્ધ છીએ અને ભગવાન સર્વ શુદ્ધ છે. અમારે ભાવશુદ્ધ છે એટલે અમારી વાણીમાં કોઈક ફેરો આઘુંપાછું નીકળે, થોડોક ફેરફાર રહે. કારણ કે વાણી એ દ્રવ્ય છે, પહેલાનું રિઝલ્ટ છે આ વાણી. અને આજ પરીક્ષા સંપૂર્ણ છે અમારી. એટલે આનું રિઝલ્ટ સંપૂર્ણ આવશે. પણ અત્યારે જે વાણી

બોલી રહ્યા છીએ એ પહેલાનું રિઝલ્ટ છે, એટલે એમાં જરા કચાશ હોઈ શકે.

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે ભગવાન શુદ્ધ છે, પણ અમે ભાવશુદ્ધ છીએ. એટલે આ ભગવાન અને અમે, એ 'અમે' એટલે કયો વિભાગ ?

**દાદાશ્રી :** જ્યાં સુધી આ વાણીના દોષ છે ને, વાણીના દોષ કે એવા કંઈ દોષ થાય કોઈ વખત, ને આ બધું બોલીએ એ ટેપરેકર્ડમાં, તેનો માલિક હું નથી. તોય પણ એનો દોષ તો જોવાનો ને, કે ટેપરેકર્ડ આવી કેમ છપાઈ હશે ? એટલે પહેલા ભૂલ થયેલી છે એને એક્સેપ્ટ કરવી પડે. પહેલાની ભૂલ આજે એક્સેપ્ટ કરી અને આજે એને ચોખ્ખું કરી નાખવું જોઈએ. એટલે આવા દોષ છે ત્યાં સુધી ભગવાન જુદા છે, ભેદ છે. અને તેય કેટલો ટાઈમ ? અમુક જ ટાઈમ, અને અમુક ટાઈમ ભગવાન જોડે અમે એકાકાર છીએ, અભેદ સ્વરૂપ છીએ ! એટલે અમુક ટાઈમ જરા ભેદ રહે. એ ભેદ સ્વરૂપ ક્યારે જશે ? આ પહેલાની વાણી જે કચરાવાળી નીકળે છે તે જ્યારે નહીં નીકળે અને બિલકુલ સ્યાદ્વાદ વાણી નીકળશે ત્યારે ભેદ જતો રહેશે.

## એ વાણી જ જુદી જાતની

આ જે અમારી ટેપરેકર્ડ નીકળે છે, એમાં ને તીર્થંકરોની દેશનામાં ફેર એટલો છે કે આ શાખ પડ્યા વગરની પાકેલી કેરી છે અને તીર્થંકરોની શાખ પડેલી પાકેલી કેરી છે. માટે આ જરા મોળી લાગે. એટલો રસાસ્વાદ આવતો નથી આમાં. કારણ કે શાખ પડ્યા વગરની કેરી છે. નહીં તો માણસ મંત્રમુગ્ધ થઈ જાય. અત્યારેય મંત્રમુગ્ધ થઈ જાય, પણ આટલું મોળું છે. પણ બધા પોતપોતાની ભાષામાં સમજી જાય. વૈષ્ણવ હોય, સ્વામીનારાયણવાળા હોય, જૈન હોય, મુસ્લિમ હોય, દિગંબરી હોય, પણ એ બધા પોતપોતાની ભાષામાં સમજી જાય, હું શું કહેવા માગું છું તે.

અત્યારેય અહીં મુસલમાન, પારસી, સ્થાનકવાસી, દિગંબરી, શ્વેતાંબરી, બધા જૈનો, વૈષ્ણવો, શિવધર્મી એ બધા અમારી વાણી સાંભળે, તો બધાને એકધારી વાણી લાગે. એમને સહેજેય મનમાં ના થાય કે આ પક્ષપાતી વાણી નીકળી છે. નહીં તો ઊઠીને ચાલવા માંડે. આ વાણીય આમ કોઈ ધર્મનું કિંચિત્માત્ર પ્રમાણ ના દુભાય એવી હોય અને મીઠી હોય. અહીંથી ઊઠવાનું મન ના થાય. સાંભળતા સાંભળતા સવાર થાય તોય ઊઠવાનું મન ના થાય. ત્યારે જો જ્ઞાનીઓની વાણી આટલી મીઠી છે, તો (તીર્થંકર) ભગવાનની વાણી કેટલી મીઠી હશે !

## ઓહોહો ! તીર્થંકરની સ્યાદ્વાદ વાણી

તીર્થંકર ભગવાન એ કેવળજ્ઞાન સહિત હોય. કેવળજ્ઞાન તો બીજા લોકોનેય હોય છે, કેવળીઓનેય હોય છે, પણ તીર્થંકર ભગવાન એટલે તીર્થંકર કર્મનો ઉદય જોઈએ. જ્યાં પગલાં પડે ત્યાં તીર્થ થાય. આખા વર્લ્ડમાં કોઈની એવી પુણ્યૈ હોતી નથી. તે કાળમાં જ્યારે તીર્થંકર હોય ને, તે કોઈના એવા પરમાણુ ના હોય, એમના બૉડીના પરમાણુ, એમની સ્પીચના પરમાણુ, ઓહોહો ! સ્યાદ્વાદ વાણી ! સાંભળતા જ બધાના હૈયા ઠરી જાય, એવા એ તીર્થંકર મહારાજ !

અરિહંત તો બહુ મોટું રૂપ કહેવાય. આખા બ્રહ્માંડમાં તે ઘડીએ એવા પરમાણુ કોઈના હોય નહીં. બધા ઊંચામાં ઊંચા પરમાણુ એકલા એમના શરીરમાં ગોઠવાઈ ગયેલા. ત્યારે એ શરીર કેવું ! એ વાણી કેવી ! એ રૂપ કેવું ! એ બધી વાત જ કેવી ! એમની તો વાત જ જુદી ને ! એટલે એમની જોટે તો મૂકતા જ નહીં, કોઈનેય !

તીર્થંકરની જોટે કોઈને મૂકાય નહીં એવી ગજબ મૂર્તિ કહેવાય ! ચોવીસ તીર્થંકરો થઈ ગયા, પણ ગજબ મૂર્તિ બધી !

તીર્થંકર પદ એ તો આખી દુનિયામાં મોટામાં મોટું પદ છે. આ બધા પરમાણુ જે છે, તેમાંથી ઊંચામાં ઊંચા પરમાણુ ત્યાં ખેંચાઈને બધા ફીટ થઈ જાય. શરીર તો બધું પરમાણુનું બનેલું હોય, પણ ઊંચામાં ઊંચા પરમાણુ. એ દેહનો આકાર જુદો, એના હાડકાં-લોહી જુદા, બહુ સુંદર ! દેહ સહેજે આકર્ષણ થાય એવો હોય. એ વાણી જુદી હોય. બહુ મધુર, અત્યંત મધુર હોય, સ્યાદ્વાદ વાણી ! સ્યાદ્વાદ એટલે મુસ્લિમ, પારસી એવી બીજી બધી અઢારેય નાત હોય, કોઈને વાણી દુઃખ રૂપ ના થઈ પડે એવી હોય. સહેજ પણ, આટલુંય કોઈના ધર્મનું નુકસાન ના થાય એવી વાણી હોય. ત્યારે એ તીર્થંકરો કેવા સુંદર હતા !

તીર્થંકર ભગવાનની દેશના જુદી જાતની હોય. કમ્પ્લીટ સ્યાદ્વાદ વાણી ! કોઈ ધર્મનું કિંચિત્‌માત્ર કોઈ જગ્યાએ ખંડન ના થાય. અને અહીં તો બધી જાતના ફોડ પાડવાના ને, એટલે બીજા અમુક ધર્મોનું ખંડન થઈ જાય. દેશના ફૂલ સ્ટેજની હોવી જોઈએ. અમારી ફૂલ સ્ટેજની ના કહેવાય. સ્યાદ્વાદ વાણી ખરી પણ સ્યાદ્વાદ અસલ સ્ટેજ ઉપર નહીં બેઠેલું. ફૂલ સ્ટેજની દેશના તો એ વાણી જ જુદી જાતની હોય, એનો રસ જુદી જાતનો હોય.

**પ્રશ્નકર્તા :** એને દેશના જ કેમ કહી હશે ? કોઈ દિશા બતાવે તેથી ?

**દાદાશ્રી :** એ સર્વ સામાન્યપણું બતાવે છે. એટલે કોઈનેય બાધક ના હોવી જોઈએ. ઉપદેશ તો બાધકેય હોય. દેશના દરેકને લાગુ થાય. કોઈ પણ જ્ઞાતિના બેઠેલા હોય, કોઈ પણ ધર્મના બેઠેલા હોય, પણ દેશના એ સાંભળ્યા કરે. તીર્થંકરની દેશના સામુદાયિક હોય. એમાં જરાય પોતાપણું નહીં. દેશના અનેકાંત હોય. એટલે એકાંતિક રીતે કોઈનેય સ્પર્શે નહીં, બધાને કામ લાગે.

## તીર્થંકરોનું સંપૂર્ણ ને અમારું અપૂર્ણ સ્યાદ્વાદ

સ્યાદ્વાદ વાણી કોઈને દુઃખદાયી થાય નહીં.

**પ્રશ્નકર્તા :** તો એટલી નિર્પેક્ષતા થઈ.

**દાદાશ્રી :** હા, એટલી ખરી, પણ તે હજુ મૂળ જે નિર્પેક્ષતાને પહોંચે નહીં. એબ્સોલ્યૂટ હોવી જોઈએ. અમારી આ વાણી એબ્સોલ્યૂટ ના કહેવાય.

તીર્થંકર સાહેબ, એ દેહના માલિક ઘડીવાર ના હોય. એમનું જ્ઞાન સીમિત ના હોય, અન્‌લિમિટેડ હોય. અમારે જ્ઞાન અન્‌લિમિટેડમાં જરાક કાચું હોય. એટલે તીર્થંકરોનું સંપૂર્ણ હોય અને અમારું જરાક કાચું હોય. એમનું સ્યાદ્વાદ હોય ને અમારુંય સ્યાદ્વાદ હોય પણ થોડો ફેર હોય.

**પ્રશ્નકર્તા :** તો સાચો સ્યાદ્વાદ કેવો હોય ?

**દાદાશ્રી :** એ સ્યાદ્વાદ તો અત્યારે અમે કશુંક બોલીએ ને, તે મન તો સહેજેય પાછું નથી પડતું. પણ કો'ક માણસને સહેજ ખરાબ અસર પડી જાય છે એવું બને અને સંપૂર્ણ સ્યાદ્વાદ હોય તો આવુંય ના બને. પછી પેણે અવળું બોલે એ વાત જુદી છે, પણ એનું હૃદય કબૂલ કરી દે. અમારું સ્યાદ્વાદ ચાર ડિગ્રી કાચું છે. અમને પોતાને સમજાય ને ! બધી બાબતમાં ચાર ડિગ્રી કાચી છે અને તો આપણે પાકી કરવીય નથી. આ કાચી છે, તો તમારી જોડે બેસી રહીએ ને !

કો'ક ખોટું બોલે, અવળું બોલે, ગમે તે કરે, એમાં એમનો દોષ નથી. એ કર્મના ઉદયના આધીન કરે છે. પણ તમે ઉદયને આધીન બોલો,

તેના જાણકાર હોવા જોઈએ કે 'આ ખોટું બોલાઈ ગયું.' કારણ કે પુરુષાર્થ છે. 'પ્રકૃતિ શું કરી રહી છે' એને જાણવી જોઈએ. અને જ્યારે પ્રકૃતિ કશું નહીં કરે, સહેજ પણ હિંસક વર્તન નહીં, હિંસક વાણી નહીં, હિંસક મનન નહીં, તે દહાડે ત્રણસો સાઠ ડિગ્રી થઈ ગઈ હશે.

## સ્યાદ્વાદ એટલે સેન્ટરને ૩૬૦ ડિગ્રી

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ વાણી બોલવા કયા કયા મુદ્દાઓને ધ્યાનમાં લેવા જોઈએ ?

**દાદાશ્રી :** સ્યાદ્વાદ વાણીમાં ૩૬૦ ડિગ્રીના બધા પ્રમાણમાંથી કોઈ પ્રમાણ ન દુભાય, એવી રીતે વાણી બોલવી. એ પછી મુસ્લિમ ધર્મનો બેઠો કે જૈન ધર્મનો બેઠો હોય કે ગમે તે ધર્મનો બેઠો હોય, પણ દુઃખ ના થાય. એકપક્ષીય વાણી ના હોય, એનું નામ સ્યાદ્વાદ વાણી.

સ્યાદ્વાદ એટલે ૩૬૦ ડિગ્રી. આ બધા ધર્મવાળા એક ડિગ્રીવાળા, બીજી ડિગ્રીવાળાને ખોટો કહે છે. હવે આ ૩૬૦ ડિગ્રીમાં બધા મનુષ્યોનો ધર્મ આવી જાય છે. વસ્તુ સેન્ટરમાં છે. સેન્ટરની વસ્તુને માટે દરેકના વ્યુ પોઈન્ટ જુદા જુદા છે. સેન્ટરમાં જોવા માટે દરેકના જુદા જુદા વ્યુપોઈન્ટ થાય છે. એટલે લોકોને સ્વાભાવિક રીતે મતભેદ હોય જ. ૧૫૦ ડિગ્રીવાળો ૧૨૫ ડિગ્રી ઉપર જોતો હોય તો ડિફરન્સ પડે. એ સ્વાભાવિક ડિફરન્સ પડે. એ મતભેદેય તમારા સ્વાભાવિક છે. એવું હું કહું છું.

પણ સ્યાદ્વાદ એટલે શું ? જેને કોઈની જોડે મતભેદ નથી. બધા ધર્મને એક્સેપ્ટ કરે છે, બધી ડિગ્રીને એક્સેપ્ટ કરે છે.

સ્યાદ્વાદ તો દરેક ડિગ્રીનો ધર્મ જાણીને બોલે. ૩૬૦ ડિગ્રી, ૩૫૬ ડિગ્રી, ૩૪૦ ડિગ્રી, ૫૦ ડિગ્રી - બધાનું, વ્યવહાર-નિશ્ચય બધું જાણે, તે સ્યાદ્વાદ હોય. ફાધરેય છું ને છોકરો પણ છું. ત્યારે સ્યાદ્વાદ શું કહે છે ? તમે જો છોકરા છો તો શેના આધારે ફાધર ? ત્યારે એ કહે કે આ મારા છોકરાના આધારે હું ફાધર થાઉં છું અને બાપાના આધારે હું છોકરો થાઉં છું. એ સાપેક્ષતા બતાવે.

હું તમને સ્થૂળમાં વાત કરું કે ઘેર આર થ્રી હંડ્રેડ સિક્સ્ટી ડિગ્રીઝ. હવે આ ૩૬૦ ડિગ્રીમાં આખું વર્લ્ડ વ્યુપોઈન્ટમાં છે. બધા પોતપોતાની ડિગ્રી ઉપર છે. અને જ્યાં સુધી ડિગ્રી ઉપર છે ત્યાં સુધી મતભેદ છે. જ્યારે સેન્ટરમાં આવે ત્યારે કોઈ ડિગ્રી જોડે મતભેદ ના રહે અને બધી ડિગ્રીવાળાને સમજે.

**પ્રશ્નકર્તા :** એટલે અહીં કોઈને ખોટા કહેવાની વાત જ નથી.

**દાદાશ્રી :** કોઈને ખોટા કહેવાની જરૂર જ નથી ને ! એવું છે ને, ૩૬૦ ડિગ્રીઓમાં કઈ ડિગ્રીને આપણે ખોટી કહી શકીએ ? એવું આ જગત ૩૬૦ ડિગ્રીનું છે. સેન્ટર પણ છે. હવે સેન્ટરવાળાને બધી ડિગ્રીઓવાળા જોડે સરખું લાગે. પણ ૧૨૫ ડિગ્રીવાળાને ૧૫૦ ડિગ્રીવાળા જોડે મતભેદ હોય. ૧૨૫ ડિગ્રીવાળો સેન્ટરમાં જે જુએ અને ૧૫૦ ડિગ્રીવાળો સેન્ટરમાં જુએ, એ બેને મતભેદ હોય જ અવશ્ય. હોય કે ના હોય ? અને પછી પેલા તો સામસામી કહે છે, તારું ખોટું છે. ત્યારે બીજો કહે છે, તારું ખોટું છે. તો એને હું કહું કે તું ૧૫૦ ડિગ્રી પર આવી જા અને પેલાને કહું કે તું ૧૨૫ ડિગ્રી પર જા. એટલે બેઉના ઝઘડા મટી જાય.

હવે આમ તો હું એને ત્યાં જવાનું-મોકલવાનું ના કહું. પણ પછી હું એને મારી મેળે સમજાવું કે ભઈ, સવાસો ડિગ્રી પર આવું છે અને પેલાને સમજાવું કે દોઢસો ડિગ્રી પર આવું છે. એટલે એ બંને સમજી જાય પાછા. કઈ દૃષ્ટિથી શું વ્યુપોઈન્ટ

છે, એટલું સમજણમાં આવવું જોઈએ. બધી રેડીયસ મારે સરખી હોય. કારણ કે હું સેન્ટરમાં ગયો છું એટલે મારે બધી રેડિયસ સરખી હોય ને !

તમને લાગે છે ને, વાસ્તવિક છે આ વાત ?

**પ્રશ્નકર્તા :** હા, હા, બરોબર લાગે છે.

**દાદાશ્રી :** વાસ્તવિક એ ભ્રાંતિ વગરની વાત છે. ભ્રાંતિવાળી વાત બધી જ વિરોધાભાસ હોય. તેથી અમે કહીએ છીએ ને, અમારી વાણી સિવાય, તીર્થંકરોની વાણી સિવાય બીજી બધી વાણી વિરોધાભાસ છે. છતાં રિલેટિવમાં એ બધી વાત સાચી છે. કારણ કે સ્યાદ્વાદ ખરું ! વીતરાગોએ એને સ્યાદ્વાદ કહ્યું કે એક અંશ(ડિગ્રી)થી ૩૬૦ ડિગ્રી સુધીની બધી વાત એની જગ્યાએ કરેક્ટ છે.

## જ્ઞાનીની સ્યાદ્વાદ વાણી

**પ્રશ્નકર્તા :** આપની વાણી, 'જ્ઞાની'ની વાણી કેવી કહેવાય ?

**દાદાશ્રી :** અમારી વાણી ટેપરેકર્ડ છે અને તમારીય વાણી ટેપરેકર્ડ છે. માત્ર 'જ્ઞાની'ની વાણી સ્યાદ્વાદ હોય.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ એ ચેતન વાણી કહેવાય ?

**દાદાશ્રી :** વાણી ચેતન હોઈ શકે જ નહીં; પછી તે અમારી હોય કે તમારી. હા, અમારી વાણી સંપૂર્ણ શુદ્ધ ચેતનને સ્પર્શ કરીને નીકળે છે એટલે ચેતન જેવી ભાસે છે.

સ્યાદ્વાદ વાણી એ અનેકાંત કહેવાય છે.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ એટલે શું ?

**દાદાશ્રી :** કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પ્રમાણ ના દુભાય એવી વાણી. આ વાણીને વૈષ્ણવો, જૈનો, શ્વેતાંબરીઓ, દિગંબરીઓ, સ્થાનકવાસી, પારસી, મુસ્લિમ બધા જ 'એક્સેપ્ટ' કરે. એ એકાંતિક ના હોય, અનેકાંત હોય એમાં.

**પ્રશ્નકર્તા :** એને નિરાગ્રહી કહેવાય ?

**દાદાશ્રી :** હા, કહેવાય. એમાં કોઈ પણ પ્રકારનો આગ્રહ ના હોય.

**પ્રશ્નકર્તા :** નિરાગ્રહી વાણી માટે આપને વિચાર કરીને બોલવું પડે કે નહીં ?

**દાદાશ્રી :** ના. વિચારથી તો જે બોલે એ નિરાગ્રહી વાણી હોય જ નહીં. આ તો 'ડિરેક્ટ' ચેતનને સ્પર્શ કરીને નીકળે છે. 'જ્ઞાની'ની વાણી જાગૃતિપૂર્વકની હોય. તે સામાના હિત માટે જ હોય. કોઈનું હિત સહેજેય ના બગડે, તે પ્રમાણે જાગૃતિમાં રહે જ.

જ્ઞાની સિવાય સ્યાદ્વાદ વાણી કોઈ બોલી શકે નહીં !

## સ્યાદ્વાદ વાણી ક્યારે નીકળે ?

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ વાણી ક્યારે નીકળે ?

**દાદાશ્રી :** સ્યાદ્વાદ વાણી ક્યારે ઉત્પન્ન થાય ? અહંકારની ભૂમિકા પૂરી થાય ત્યારે. જગત આખું નિર્દોષ દેખાય, કોઈ દોષિત દેખાય જ નહીં ! ચોર પણ અમને દોષિત ના દેખાય.

અહંકાર ક્ષય થવો જોઈએ. બુદ્ધિ ક્ષય થવી જોઈએ, એ ઉપશમ થયેલી ના ચાલે. બધા જ કર્મોનો ક્ષય થાય; ક્રોધ-માન-માયા-લોભનો ક્ષય થાય, આ બધા ગુણો ક્ષાયક થશે ત્યારે સ્યાદ્વાદ વાણી નીકળે. ત્યાં સુધી તો જોખમદારી છે. બહુ જ જોખમદારી, અત્યંત જોખમદારી ! આખું વીતરાગ વિજ્ઞાન હાજર થવું જોઈએ. આત્માનો સ્પષ્ટ અનુભવ થયો હોય તો જ એવી વાણી નીકળે. ત્યાં

સુધી બધી બુદ્ધિની વાત, વ્યવહારની વાત ગણાય. સ્યાદ્વાદ વાણી ના નીકળે ત્યાં સુધી મોક્ષમાર્ગમાં ઉપદેશ આપવો એ ભયંકર જોખમદારી છે.

## મોક્ષમાર્ગમાં ઉપદેશ આપવાની જોખમદારી

ઉપદેશ કોણ આપી શકે ? સામો વિવાદ ઊભો ના કરી શકે તે જ. બાકી આપણા માર્ગમાં ચર્ચા ના હોય. અમારું પુસ્તક સમજવાની રીત શું છે ? બે જણ સરખું ના સમજે. એક સાચી સમજણવાળો ને બીજો અધૂરી સમજણવાળો હોય, તેમાં અધૂરી સમજણવાળાએ જક પકડી કે 'મારું જ સાચું છે' તો તેને 'તારું કરેક્ટ છે' કહીને આગળ ચાલવું. સત્‌ની સમજણમાં વિવાદ ના હોવો જોઈએ.

મારું ખરું છે એવું માનવાનું ના હોય. 'મારું છે માટે ખરું છે' એવું મહીં થયા કરે, એ રોગ ઊભો થયો કહેવાય. આપણી સાચી વાત સામો કબૂલ કરે જ. જો ના કરે તો આપણે છોડી દેવું. હું જે બોલું તે સામાનો આત્મા કબૂલ કરે જ. કબૂલ નથી કરતો તે તેની આડાઈ છે. કારણ કે આ વાણી મારી નથી. તેથી તેમાં ભૂલ ના થાય. 'મારી વાણી છે' એવું જ્યાં હોય ત્યાં વાણીમાં ભૂલ થાય.

અત્યારે આ કાળમાં ઉપદેશ આપવા જાય તો બંધાય તેવું છે. કષાય સહિત પ્રરૂપણા એ નર્કે જવાની નિશાની છે. બહુ ત્યારે મંદકષાયીને ચલાવી લેવાય. નહીં તો આ તો બહુ જ ભારે જોખમ છે.

સંપૂર્ણ કષાયભાવથી મુક્ત હોય ત્યારે સત્સંગની ધારા નીકળ્યા કરે ત્યારે કલાક-કલાક, બબ્બે કલાક, સત્સંગ એકધારો નીકળ્યા કરે. કષાયવાળાને વાણી અટકી જાય.

અકષાયી વાણીનો અર્થ શું ? વાણીનો માલિક 'પોતે' નહીં તે. વાણીનો માલિક હોય તે તો શું કહે કે 'હું કેવી સરસ વાણી બોલ્યો ! તમને ગમ્યું ને ?' એટલે એનો ચેક વટાવી લે. અમે તો વાણીના માલિક નહીં, મનના નહીં ને આ દેહના પણ માલિક નહીં.

'જ્ઞાની પુરુષ' બધી દવા બતાવી દે. રોગનું નિદાનેય કરી આપે ને દવાય બતાડી આપે. આપણે ફક્ત પૂછી લેવાનું કે સાચી વાત શું છે, અને મને તો આમ સમજાયું છે એટલે તરત બતાડે ને તે 'બટન' દબાવવાનું એટલે ચાલુ થઈ જાય !

ધર્મની ચર્ચામાં સામાને સમજાવવાની રીતો જુદી જુદી છે.

(૧) વાણીથી પોતાનું સ્વ-રક્ષણ, સ્વ-બચાવ કરે. એ એક પ્રકારનું કહેવાય.

(૨) સામાને પોતે 'કન્વિન્સ' કરે એ એક રીત છે. સામો ગમે તે ધર્મ પાળતો હોય તોય એ ફરી જાય. એવું બોલતા આવડવું જોઈએ ને ? એટલી શક્તિ હોવી જોઈએ ને ? જેટલું જ્ઞાન સમજાય એટલી શક્તિ ઉત્પન્ન થાય. અને સામાને 'કન્વિન્સ' કરતા સહેજેય ક્રોધ-માન-માયા-લોભ ના હોવા જોઈએ. નહીં તો તો સામો 'કન્વિન્સ' થાય જ નહીં. કષાય ઉત્પન્ન થવા એ તો નબળાઈ છે.

(૩) કેટલાક કાચા હોય તો પોતે સામાને સમજાવવા જાય, પણ સામાના પ્રભાવથી પોતે જ ફરી જાય ! સામો એવું એવું પૂછે કે પોતે ગૂંચાઈ જાય અને મનમાં એમ ફરી જાય કે આપણને તો કંઈ જ્ઞાન જ નથી.

**પ્રશ્નકર્તા :** આનંદઘનજી મહારાજે જ કહ્યું છે ને, કે 'ભઈ, તું ઉપદેશ આપીશ નહીં. એમાંય ખાસ કાળજી રાખજે કે કંઈ ખોટો ઉપદેશ આપીશ તો, નર્ક સિવાય બીજું કાંઈ તારે માટે નથી.'

**દાદાશ્રી :** નહીં તોય કષાયસહિત પ્રરૂપણા એ નર્કે જવાની ટિકિટ જ છે. જો નર્કે જવાની ટિકિટ લઈ આવ્યા ને ! જો અજાયબી ! દેવગતિ તો ક્યાં ગઈ, પણ નર્કે જવાની ટિકિટો થઈ.

## 'જ્ઞાની'ની સમજણે ગોઠવો તમારી સમજણ

'જ્ઞાની પુરુષ'ની સમજણથી (તમારી) સમજણ મેળવવાની છે, 'પેરેલલ ટુ પેરેલલ.' નહીં તો 'રેલવે લાઈન' ઊડી જશે. 'પોતાની' સમજણ તો નાખવાની જ નથી. મહીં સમજણ છે જ નહીં ને ! એક આંકડાનીયે સમજણ નથી. પોતાની સમજણ તો આમાં ચલાવવાની છે જ નહીં. પોતાનામાં સમજણ જ નથી ને ! કશું જ સમજણ નથી. જો સમજણ હોત ને, તો ભગવાન થઈ જાત !

**પ્રશ્નકર્તા :** લોક પ્રશ્ન પૂછે અને એના ખુલાસા આપે તો એમાં વાંધો શો છે ?

**દાદાશ્રી :** પ્રશ્નોના ખુલાસા એ વસ્તુ જુદી છે. હજુ તો જાગૃતિ આવવી જોઈએ, હજુ જાગૃતિ પરિણામ પામવી જોઈએ. પરિણામ પામે ત્યાર પછી, ઘણા ટાઈમ પછી ખુલાસા આપેલા કામના. નહીં તો ખુલાસો એ બે-ખુલાસા થાય ને આપણું જ્ઞાન 'ડાઉન' ઊતરી જાય, બુદ્ધિગમ્ય થઈ જાય.

પ્રશ્નોના જવાબ આપતા પહેલાં તો બધો 'ઈગોઈઝમ' (અહંકાર) ઉતરી જવો જોઈએ. બધો એટલે નાટકીય 'ઈગોઈઝમ' પણ ઊતરી જવો જોઈએ. આ તો બધા 'ફંક્શન' હજુ કાચા છે. એ 'ફંક્શન' પૂરા થયા સિવાય સ્યાદ્વાદ વાણી નીકળે નહીં. એના કરતા બોલીએ જ નહીં. કારણ કે દોષ બેસે. એ તો જેમ જેમ આ બધા પાસા દબાતા જાય, બુદ્ધિ દબાતી જાય, 'ઈગોઈઝમ' ખલાસ થતો જાય, તેમ તેમ એ સ્યાદ્વાદ વાણી નીકળે. પ્રશ્નોની બાબતમાં અત્યારે પડવું નહીં, નહીં તો કાચું કપાશે. પછી પાછું પાકું કરવું હોય તો નહીં થાય. કારણ કે એક ફેરો કેસ ગૂંચાઈ ગયો એટલે !

એટલે 'ઈગોઈઝમ'નો મહીં રસ ના પડવો જોઈએ, બુદ્ધિનો રસ ના પડવો જોઈએ. એમાં પછી બુદ્ધિનો અભાવ થવો જોઈએ, 'ઈગોઈઝમ'નો અભાવ થવો જોઈએ. અને તે પણ અભ્યાસ થવો જોઈએ ત્યારે કામનું ! ત્યાં સુધી ધીરજ પકડવી સારી !

## વાણીના કાયદા પાળતા, થાય સ્યાદ્વાદ વાણી

**પ્રશ્નકર્તા :** અમારી વાણી સ્યાદ્વાદ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** વાણીના કેટલાય કાયદા પાળો ત્યારે વાણી સ્યાદ્વાદ થાય. કેટલીય રીતે વાણી નિર્મળ રાખે, ત્યારે એ વાણી વચનબળવાળી થાય. વચનને કેટલી બધી રીતે સાચવ્યું હોય ત્યારે વચનબળ થાય.

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાન' થયા પછી વચનબળ આવે ને ?

**દાદાશ્રી :** ના. 'જ્ઞાન' ના થયું હોય તોય વચનબળ હોય ખરું. જેણે વાણીના બધા કાયદા સાચવ્યા હોય, તેનેય વચનબળ હોય. ભલે એ અજ્ઞાનદશામાં હોય.

**પ્રશ્નકર્તા :** એ વચનબળ વ્યાવહારિક ને ? વ્યવહારમાં એ કામ આવે ને ?

**દાદાશ્રી :** હા, ઘણું કામ લાગે. વચનબળ એટલે તો વાત જ ઓર હોય. એના જેવું કોઈ બળ નથી. એનાથી તો બધા યુદ્ધો જીતી શકાય. હથિયારોથી યુદ્ધો ના જીતી શકાય.

**પ્રશ્નકર્તા :** પોતાપણું જાય તો વચનબળ આવે ?

**દાદાશ્રી :** પોતાપણું જાય તો તો ભગવાન થઈ ગયો. પણ આ તો પોતાપણું જાય નહીં. તે પહેલા વચનબળ આવે. વચન ચોખ્ખા થયા પછી વાણી મીઠી થાય, પછી વચનબળ ઉત્પન્ન થાય.

જેની વાણીથી કોઈને કિંચિત્માત્ર દુઃખ ના થાય, જેના વર્તનથી કોઈને કિંચિત્માત્ર દુઃખ ના થાય, જેના મનમાં ખરાબ ભાવ ના થાય, તે શીલવાન. શીલવાન વગર વચનબળ ઉત્પન્ન ના થાય.

## સ્યાદ્વાદ વાણી એ ગજબનું વચનબળ

આ 'દાદા'ના જેવું વચનબળ હોવું જોઈએ. ઊઠો કહે તો ઊઠે. 'અમારું' વચનબળ તો અજાયબી કહેવાય ! 'અમારા' શબ્દો કેવા હોય ? શાસ્ત્રના શબ્દો ના હોય. 'અમારા' પ્રત્યક્ષ ચેતન શબ્દથી તો મહીં 'જ્ઞાન' હાજર થઈ જ જાય ! આત્મા જ પ્રગટ થઈ જાય ! અને પાછા જરાય વાગે નહીં. 'અમારી' વાણીથી બિલકુલ અજીર્ણ થાય નહીં. 'આ' તો આખો 'જ્ઞાનાર્ક' છે ! એ પચે અને અજીર્ણ ના થાય ! જ્ઞાની પુરુષનું એક વચન અવરથા ના જાય ! ગજબનું, જબરદસ્ત વચનબળ હોય ! એમના એક-એક વચન પર જગત ઊછાળા મારશે ! એમનું એક જ વચન ઠેઠ મોક્ષે લઈ જાય. 'અમારા' એક-એક શબ્દમાં ચેતન છે. વાણી રેકોર્ડ સ્વરૂપ છે, જડ છે, પણ અમારી વાણી મહીં ગજબના પ્રગટ થઈ ગયેલા પરમાત્માને સ્પર્શીને નીકળે છે, તેથી નિશ્ચેતનને ચેતન કરે એવી ચેતનવાણી છે ! સામાની ભાવના જોઈએ. અમે બોલીએ કે 'એય, કૂદ', તો સામો દસ ફૂટનો ખાડોય કૂદી જાય ! તો કેટલાક કહે છે કે 'તમે શક્તિપાત કરો છો.' ના, અમારા વચનમાં જ એવું બળ છે ! કોઈ બહુ ડીપ્રેસ થયેલો હોય તો અમે તેને આંખથી ધવડાવીએ. 'જ્ઞાની પુરુષ' તો ગમે તે રીતે શક્તિ પ્રગટ કરાવે. ગજબનું વચનબળ હોય !

કવિ શું ગાય છે :

''જગત ઉદય અવતાર, દેશના તે શ્રુતજ્ઞાન,
સ્યાદ્વાદ જ્ઞાન-દાન, સર્વમાન્ય પરમાણ.''

જગતનો ઉદય સારો હોય ત્યારે 'જ્ઞાની પુરુષ' પ્રગટ થઈ જાય અને એમની 'દેશના' જ 'શ્રુતજ્ઞાન' છે. એમના એક જ વાક્યમાં શાસ્ત્રોના શાસ્ત્રો આખા આવી જાય !

આ અમારા એક-એક શબ્દમાં અનંતા અનંતા શાસ્ત્રો રહ્યા છે ! આ સમજે અને પાંસરો હેંડ્યો તો કામ જ કાઢી નાખે ! એકાવતારી થઈ જવાય એવું આ વિજ્ઞાન છે ! લાખો અવતાર કપાઈ જશે ! આ વિજ્ઞાનથી તો રાગેય ઊડી જાય ને દ્વેષેય ઊડી જાય ને વીતરાગ થઈ જવાય. પોતે અગુરુ-લઘુ સ્વભાવનો થઈ જાય. એટલે આ વિજ્ઞાનનો જેટલો લાભ ઉઠાવાય તેટલો ઓછો છે.

અને હું જે બોલું છું, એ તો જ્ઞાન છે. પણ જેની બુદ્ધિ જરા સમ્યક્ થયેલી હોય, સમ્યક્ એટલે સારી સુગંધીવાળી, તો તરત મારું જ્ઞાન એને સમજાય એવું છે. જ્ઞાન બુદ્ધિથી સમજાય ખરું, પણ બુદ્ધિથી બોલી શકાય નહીં. બુદ્ધિથી આ વિજ્ઞાન બોલી શકાય નહીં. વિજ્ઞાન એટલે ચૈતન્ય જ્ઞાન જેવું, એની મેળે જ કામ કર્યા કરે.

## જ્ઞાનીની વાણી સાંભળી પ્રગમે સિદ્ધાંત

અબજ રૂપિયા આપવાથી ના મળે, આમાંનો એક અક્ષર સાંભળવાનો નહીં મળે. આ પરપોટો (જ્ઞાની) જીવે છે ત્યાં સુધી કામ કાઢી લો, પછી અક્ષરેય સાંભળવાનો મળે નહીં. આ બધાને તો હજી પચશે ત્યારની વાત છે ને ! બાકી પચવું

સહેલું નથી. પોતાને ફાયદો થઈ જાય, સિદ્ધાંત હાથમાં આવી જાય. પણ પચ્યા પછી ઊગે. એ તો વાત જ જુદી ને ! ઊગશે થોડું ઘણું પણ તે આવું ના ઊગે ને ! આવી અજાયબી ના ઊગે ! એટલે થોડું ઘણું ઊગશે, અમારા આશીર્વાદ છે. અમે આશીર્વાદ હઉ આપીએ.

જ્ઞાનીની વાણી સાંભળ સાંભળ કરવાથી પ્રગટે. આ જ્ઞાનીની પાસેથી સીધી વાણી ડિરેક્ટ સાંભળવાથી એ મહીં પચન થાય અને તો પ્રગમે. પ્રગમીને પોતે જ સ્વભાવિક રીતે ફણગા મારે. જો એમાંથી ડહાપણપૂર્વક નિહાળ્યા કરે તો. બાકી એને નિહાળવાની જ જરૂર છે.

આ બધી કેવળજ્ઞાનમય વાણી છે. કેવળજ્ઞાન કોને કહેવાય ? બુદ્ધિ જ્યાં એન્ડને પામે, મતિજ્ઞાન જ્યાં એન્ડને પામે. મતિજ્ઞાન જ્યાં એન્ડને પામે ત્યાં કેવળજ્ઞાન ઊભું રહ્યું છે. એ પ્રકાશ કેવળજ્ઞાનથી જ ઉત્પન્ન થયેલો પ્રકાશ છે.

'જ્ઞાની પુરુષ'ની વાણી ઉલ્લાસભેર સાંભળ સાંભળ કરે તેથી તેવી વાણી થતી જાય. ખાલી નકલ કરવાથી કશું વળે નહીં.

એટલે આ દુનિયાની એક અજાયબી છે. વાત સાંભળવી હોય એટલી સાંભળજો. ઠીક લાગે તો ધારણ કરજો, ના ઠીક લાગે તો પાછું મૂકી દેજો, ત્યાં ને ત્યાં.

જેટલા શબ્દ હું બોલું છું, તે બધા પ્રૂફ આપવાના રાઈટથી બોલું છું. એકુંય શબ્દ પ્રૂફ વગરનો મારાથી બોલાય નહીં. આ ફેંકાફેંકનો શબ્દ નથી આમાંનો એકુંય.

## તીર્થંકરોનું શ્રુતજ્ઞાન, વહ્યું જ્ઞાની મુખે

**પ્રશ્નકર્તા :** હવે જ્ઞાની પુરુષની વાણી સાંભળીએ એને શું કહેવાય ?

**દાદાશ્રી :** એમની તો વાત જ જુદી ને ! આ તો આયે શ્રુતજ્ઞાનની બહાર કશું નવું હોતું નથી. અધ્યાત્મની બાળપોથી વાંચો એય શ્રુતજ્ઞાન ગણાય, જ્ઞાની પુરુષની વાણીયે શ્રુતજ્ઞાન ગણાય, એ બેઉ. આ પાકા લોકોની વાત છે, નહીં તો આમાંય દુકાનો કાઢત કે હવે સ્ટાન્ડર્ડ નાઈન્થ એટલે આ સુશ્રુત.

અમારી વાત આત્માથી નીકળી છે ને આત્માને જ પહોંચે છે એટલે સમજાય જ. અમારું એક-એક વાક્ય તે શ્રુતજ્ઞાન છે. મારે માટે સ્યાદ્વાદ છે, શુદ્ધ આત્માનું શુદ્ધ જ્ઞાન છે, નિરાગ્રહી છે ને તમારે માટે શ્રુતજ્ઞાન છે.

આમાં સાંભળવામાં ખોવાઈ જાય ને, તો કેટલાય પાપો ભસ્મીભૂત થઈ જાય ! આ આખા ચોવીસ તીર્થંકર ભગવાનનું ગુહ્ય શ્રુતજ્ઞાન સાંભળી રહ્યા છો. ગુહ્ય શ્રુતજ્ઞાન !

## જ્ઞાનીને શુદ્ધ ઉપયોગ બોલતી વખતે

આ અમે જે બોલીએ તે ઉપયોગપૂર્વકનું. આ રેકર્ડ બોલે, તેના પર અમારો ઉપયોગ રહેવાનો. શું શું ભૂલ છે ને શું નહીં ? આ સ્યાદ્વાદમાં કંઈ ભૂલ છે તે અમે જોયા કરીએ બારીકાઈથી અને આ બોલે છે તે રેકર્ડ છે. લોકોનેય બોલે છે રેકર્ડ, પણ એ મનમાં એમ જાણે છે કે હું બોલ્યો. અમે નિરંતર શુદ્ધાત્મા ઉપયોગમાં રહીએ છીએ, તમારી જોડે વાત કરતા કરતા પણ.

**પ્રશ્નકર્તા :** લક્ષ બે થાય ?

**દાદાશ્રી :** ના, બે લક્ષ ના થાય. લક્ષ એક જ થાય. વાતો કરવાની, એમાં મારે કશું કરવાનું નહીં. અમે તો વાતોમાં શું થઈ રહ્યું એ જ જોયા કરીએ. અમે એક ઘડીવારેય, એક મિનિટેય ઉપયોગની બહાર ના હોઈએ. આત્માનો ઉપયોગ હોય જ.

## જ્ઞાનીની કેવળજ્ઞાન સહિત વાણી

જ્ઞાની પુરુષના એક જ વાક્ય પ્રમાણે આખી જીંદગી નીકળશે ને, તો કલ્યાણ કરી નાખે. એક જ વાક્ય જો કદિ જ્ઞાનીનું ઉતરી જાય તો આખી જિંદગી કલ્યાણ કાઢી નાખે. જ્ઞાની પુરુષ કોઈ દહાડો હોય નહીં અને હોય તો બુદ્ધિવાળા જ્ઞાનીઓ હોય. બુદ્ધિવાળા જ્ઞાનીઓ ચાલે નહીં. બુદ્ધિવાળા હરીફવાળા હોય. એક-એકથી ચઢતા હોય. બુદ્ધિ વગરના જ્ઞાની હોય તે પૂર્ણ હોય. અમારે બુદ્ધિ ના હોય, બિલકુલેય નહીં.

કેવળજ્ઞાન સહિત વાણી છે આ. એટલે આ લોકોને બહુ લાભકારી થાય. કષાયો મંદ થઈ જાય. ફક્ત કેવળજ્ઞાનમાં ચાર અંશ ઓછા એટલી વાણી પણ તેનો વાંધો નહીં. ચાર અંશ ઓછા તે ચાલી શકે.

આ અમારા શબ્દો તમારી મહીં પેઠા તો તે કામ કરશે. એટલે અમે તો નિરંતર બોલ બોલ કરીએ. કારણ કે અવ્યક્ત રહેશે તો છેવટે પેણે લાકડામાં બાળી મૂકશે. કારણ કે એ શબ્દોય બળવા જેવી ચીજ છે.

**પ્રશ્નકર્તા :** બળવા જેવી ચીજ છે ?

**દાદાશ્રી :** હાસ્તો ને ! લાકડા જેવી જ, શબ્દોમાં ને લાકડામાં ફેર નહીં. એ હઉ સળગે, શબ્દો હઉ સળગે. કારણ કે ટેપરેકર્ડ છે.

## જ્ઞાનીની સ્યાદ્વાદ વાણીનું રહસ્ય

**પ્રશ્નકર્તા :** આપની નિખાલસ વાણી ને નિખાલસ હાસ્ય, એનું રહસ્ય શું છે ?

**દાદાશ્રી :** ભગવાન મને વશ થઈ ગયા છે. આખા ચૌદ લોકનો નાથ, જેને આખું જગત માની રહ્યું છે તે એ ભગવાન મને વશ થઈ ગયેલા છે. અમે સ્વતંત્ર સુખ ભોગવી રહ્યા છીએ. તમારો ઉપરી જ મેં કોઈ જોયો નથી. મારો ઉપરી વર્લ્ડમાં (જગતમાં) કોઈ નથી અને જે ભગવાન છે એ તો મને વશ થઈ ગયેલો છે. શા માટે વશ થઈ ગયેલો ? મારી ગરજે કે એમની ગરજે ? એમની ગરજે વશ થાય મને. હું તો 'એ ઉપરી છે, તે સારા છે' એમ કહું. પણ એ જાય ક્યાં હવે ? એમને જે કામ કરવું છે, તે શી રીતે કામ થાય ?

**પ્રશ્નકર્તા :** એમને શું કામ કરવાનું છે, દાદા ?

**દાદાશ્રી :** આ જગતના લોકોનું જે કલ્યાણ થવાનું છે, એમનું જે કામ કરવાનું છે, તો એને માટે વાણી કોણ બોલે ? જ્ઞાન કોણ આપે ? એમનામાં વાણી છે નહીં. આ ટેપરેકર્ડ બોલ્યા કરે છે. વાણી કેવી જોઈએ ? માલિકી વગરની વાણી હોય તો જ મોક્ષ થાય.

મહીં જે બેઠા છે દાદા ભગવાન, એ મારા પણ ભગવાન છે. પણ એ ઉપરીપણું ના કહે છે, 'તમે મારા ઉપરી.' મેં કહ્યું, 'કેમ એમ ?' ત્યારે કહે કે 'તમે મને બહુ દહાડા ઊપરી તરીકે ભજ્યો છે. માટે હવે મારે તમને ઉપરી તરીકે રાખવાના કે તમે આ લોકોનું કલ્યાણ કરો.' મેં કહ્યું, 'તમે કલ્યાણ કરો ને !' તો કહે છે, 'મારાથી શી રીતે કલ્યાણ થાય ? મારે તો વાણી નહીં, કશુંય નહીં.' એટલે ભગવાને જાતે કહ્યું છે કે 'અમે જ્ઞાનીને વશ છીએ !' ભગતો કહે છે કે 'અમને ભગવાન વશ છે,' તો ભગવાન તેમને કહે, 'ના, અમે તો જ્ઞાનીને વશ થયા છીએ.' ભગતો તો ગાંડા કહેવાય. શાક લેવા નીકળે ને થબાકા પાડવા બેસી જાય. છતાં ભગતમાં એક ગુણ છે કે બસ 'ભગવાન, ભગવાન' એક જ ભાવ. એ ભાવ એક દહાડો સત્ય ભાવને પામે છે, ત્યારે 'જ્ઞાની પુરુષ' મળી

જાય, ત્યાં સુધી 'તું હી, તું હી' ગાયા કરે અને 'જ્ઞાની પુરુષ' મળી જાય તો 'હું હી, હું હી' બધે ગાય ! 'તું' ને 'હું' જુદા છે, ત્યાં સુધી માયા છે અને 'તું'-'હું' ગયું, 'તારું-મારું' ગયું એટલે અભેદ થઈ ગયા !

ભગવાન તો કહે છે કે 'તું'ય ભગવાન છે. તારું ભગવાનપદ સંભાળ, પણ તું ના સંભાળે તો શું થાય ? પાંચ કરોડની એસ્ટેટવાળો છોકરો હોય, પણ હોટલમાં કપ-રકાબી ધોવા જાય ને એસ્ટેટ ના સંભાળે તેમાં કોઈ શું કરે ? મનુષ્ય પૂર્ણરૂપે થઈ શકે છે, મનુષ્ય એકલો જ, બીજા કોઈ નહીં, દેવલોકોય નહીં !

શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું ? જેને ભગવાન વશ થઈ ગયા છે, એવા જ્ઞાની પુરુષ એમને કયા કયા ગુણો ના હોય ? ગર્વ, ગારવતા, અંતરંગ સ્પૃહા ના હોય, ઉન્મત્તતા ના હોય.

**પ્રશ્નકર્તા :** એ પણ સૂક્ષ્મરૂપે પડી રહે. પણ એ બહુ ઊંચે જાવ ત્યારે એ જાય, ત્યાં સુધી ના જાય.

**દાદાશ્રી :** પણ એ જતા રહ્યા પછી જ જ્ઞાની કહેવાય. એ જતા રહ્યા પછી જ અમે કહીએ કે આ ટેપરેકર્ડ બોલે છે.

## જ્ઞાનીની વાણી એ પ્રત્યક્ષ સરસ્વતી

આ અંબાલાલ મૂળજીભાઈ, દેહધારી હોવા છતાં મહીં પરમાત્મા સંપૂર્ણ પ્રગટ થઈ ગયા છે, છતાં પણ તેમનીય વાણી રેકર્ડ સ્વરૂપ છે. અમારામાં બોલવાની સત્તા જ નથી. અમે તો રેકર્ડ કેવી લાગે છે, તે જોઈએ ને જાણીએ. વાણી સંપૂર્ણ જડ છે. પણ અમારી વાણી ચેતનને-પ્રગટ પરમાત્માને સ્પર્શીને બહાર નીકળે છે, તેથી જેમાં ચેતન ભાવ છે, પ્રત્યક્ષ સરસ્વતી છે. આ ફોટામાંની સરસ્વતી તે પરોક્ષ સરસ્વતી છે. અમારી વાણી એ તો પ્રત્યક્ષ સરસ્વતી છે. તે સામાના અનંતા ભવના પાપોને બાળીને ભસ્મીભૂત કરે છે. પ્રત્યક્ષ સરસ્વતીના દર્શન કરવા હોય તો અહીં અમારી વાણી સાંભળે એટલે થઈ જાય !

'જ્ઞાની પુરુષ' જે સ્યાદ્વાદ બોલે છે તે વખતે તેમનો અહંકાર નહીં. 'જ્ઞાની પુરુષ'ની વાણી મીઠી-મધુરી, કોઈને આઘાત થાય નહીં, પ્રત્યાઘાત થાય નહીં એવી હોય. કોઈને કિંચિત્માત્ર દુઃખ ના થાય એવી વાણી નીકળે તો બધું ચારિત્ર્ય જ છે. બાકી બીજા કશા પરથી ચારિત્ર્ય બળ ઓળખાય નહીં. જો બુદ્ધિ સ્યાદ્વાદ હોય તો સ્યાદ્વાદ જેવા લક્ષણ લાગે, પણ એ સંપૂર્ણ ના હોય. જ્યારે જ્ઞાન સ્યાદ્વાદ હોય એનું ચારિત્ર્ય તો વીતરાગ ચારિત્ર્ય હોય. જ્ઞાન સ્યાદ્વાદ દરેક ધર્મના લોકો પ્રમાણ તરીકે સ્વીકારે. એ વાણીમાં ખેંચ જરાય ના હોય.

વાણીનો કોઈ પણ જાતનો અપવ્યય ના થાય અને વાણીને એના વિભાવિક સ્વરૂપે ના લઈ જાય તે સરસ્વતીની આરાધના.

આ તો વિજ્ઞાન છે. જ્યારે વાણી સરસ્વતી સ્વરૂપે થાય ત્યારે લોકોના હૃદયને સ્પર્શે, ત્યારે જ તો લોકોનું કલ્યાણ થાય. હૃદયસ્પર્શી વાણી વર્લ્ડમાં જડવી મુશ્કેલ હોય. અમારી વાણી હૃદયસ્પર્શી હોય. એનો એક શબ્દ જ જો તમારે સોંસરવો ઊતરી જાય તો એ તમને ઠેઠ મોક્ષે લઈ જાય.

## સ્યાદ્વાદ વાણીથી વીતરાગ ઓળખાય

અમારી વાણી સંપૂર્ણ વીતરાગ હોય, સ્યાદ્વાદ હોય. વીતરાગને ઓળખવાની સાદી રીત તેની વાણી છે. જેટલું તમારું ઝવેરીપણું હશે, તેટલી આની કિંમત થશે. પણ આ કાળમાં ઝવેરીપણું જ ક્યાંય રહ્યું નથી. મૂઆ, પાંચ અબજના હીરાની

કિંમત પાંચ રૂપિયા કરે છે, ત્યારે હીરાને જાતે બોલવું પડે, કે મારી કિંમત પાંચ અજબની છે. તેમ આજે અમારે જાતે બોલવાનો વારો આવ્યો છે કે અમે ભગવાન છીએ ! અરે, ભગવાનના ઉપરી છીએ. સંપૂર્ણ વીતરાગ ! ભગવાને અમને ઉપરીનું પદ જાતે આપ્યું. તેમણે કહ્યું કે 'અમે પાત્ર શોધતા હતા, તે અમને તમારામાં દેખાયું. અમે તો હવે સંપૂર્ણ વીતરાગ થઈ મોક્ષમાં બેઠા છીએ. હવે અમે કોઈનુંય કાંઈ ધોળી ના શકીએ. માટે તમે પ્રગટ સ્વરૂપે સર્વ શક્તિમાન છો. દેહધારી હોવા છતાં સંપૂર્ણ વીતરાગ છો. તેથી અમે તમને અમારુંય ઉપરીપણું આપીએ છીએ.

ચૌદ લોકના નાથના અમે આજે ઉપરી છીએ. સર્વ સિદ્ધિ સહિત આ જ્ઞાનાવતાર પ્રગટ્યો છે ! મૂઆ, તારો દીવડો સળગાવીને ચાલતો થા. બહુ ફેંદ ફેંદ ના કરીશ.

જ્ઞાની પુરુષ ચાહે સો કરે, કારણ કે મોક્ષદાનનું લાયસન્સ એમના હાથમાં હોય ! અલ્યા, જ્ઞાની જગતમાં કેટલા હોય ? પાંચ કે દસ ? મૂઆ, કો'ક કાળે જ્ઞાની પાકે. અને તેમાંય અક્રમ માર્ગના જ્ઞાની તો દસ લાખ વર્ષે પાકે અને તેય આવા વર્તમાન આશ્ચર્યયુગ જેવા કળિયુગમાં જ ! લિફ્ટમાં જ ઊંચે ચઢાવે. પગથિયાં ચઢીને હાંફવાનું નહીં. અલ્યા, ઝબકે મોતી પરોવી લે ! આ વીજળીનો ચમકારો થયો છે ત્યારે તારું મોતી પરોવી લે. પણ ત્યારે મૂઓ દોરો ખોળવા જાય ! શું થાય ? પુણ્યૈ કાચી પડી જાય.

## શાસન તો મહાવીરનું જ

વીતરાગ વાણી જ એકલી મોક્ષે લઈ જનાર છે. અમારી વાણી મીઠી, મધુરી હોય, અપૂર્વ હોય. પૂર્વે ક્યારેય સાંભળેલી ના હોય તેવી હોય, ડિરેક્ટ (પ્રત્યક્ષ) વાણી હોય. શાસ્ત્રમાં જે વાણી હોય તે ઈનડિરેક્ટ (પરોક્ષ) વાણી હોય. ડિરેક્ટ વાણી જો એક કલાક જ સાંભળે તો સમકિત થઈ જાય. અમારી વાણી સ્યાદ્વાદ હોય. કોઈનું પણ પ્રમાણ ન દુભાય, એનું નામ સ્યાદ્વાદ. સર્વ નય સંમત હોય. સર્વ વ્યૂ પોઈન્ટને માન્ય કરે. કારણ અમે પોતે સેન્ટરમાં હોઈએ. અમારી વાણી નિષ્પક્ષપાતી હોય. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખોજા બધા જ અમારી વાણી સાંભળે છે ને તેમને અમે આપ્તપુરુષ લાગીએ છીએ. કારણ અમને ભેદબુદ્ધિ ના હોય. બધાની મહીં હું જ બેઠેલો હોઉં ને ! બોલનારેય હું ને સાંભળનારેય હું જ.

કોઈ પ્રમાણ ના દુભાય. આ વર્લ્ડનું કોઈ એવું પ્રમાણ નથી, આ ૩૬૦ ડિગ્રીમાં એક પણ પ્રમાણ એવું નથી કે જે દુભાય એવી અમારી વાણી હોય. કોઈ પણ ધર્મનું, કોઈ પણ માણસના અભિપ્રાય, પ્રમાણ ના દુભાય એવી અમારી વિચારણા હોય. એ સ્યાદ્વાદ કહેવાય અને એવી વીતરાગોની વસ્તુ છે !

મારી પાસે આ તીર્થંકરોનો માલ છે, મારો પોતાનો માલ નથી. લોકો કહે છે કે 'હવે તો તમારું, દાદા ભગવાનનું ચાલશે ને ?' મેં કહ્યું, 'ના ભાઈ, આ શાસન તો ભગવાન મહાવીરનું જ ચાલ્યા કરવાનું. અમે તો આમાં, આ કાળમાં સોનાના કળશરૂપે કામ કરીએ. લોકોને શાંતિ બહુ થઈ જાય ને !

સંપૂર્ણ રીતે સામાનું આત્મકલ્યાણ કેમ કરીને થાય એ ભાવવાળી વાણી, તે જ વીતરાગ વાણી ! અને એ જ એનું કલ્યાણ કરે, ઠેઠ મોક્ષે લઈ જાય ! અને વીતરાગ વાણી સિવાય કોઈ તર્યો નથી. વીતરાગ વાણી જ એક ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

**- જય સચ્ચિદાનંદ**

## અડાલજ જ્ઞાનમંદિર (ગુરુકૂળ)માં ધોરણ ૫ થી ૯માં પ્રવેશ મેળવવા માટે

જ્ઞાનમંદિર એટલે કે ગુરુકુળમાં એડમિશનની પ્રક્રિયા શરૂ છે. ધોરણ ૫ થી ૯માં આવતા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના બાળકોને (છોકરાઓને) એડમિશન આપવામાં આવશે. ઘરે બેઠા જ્ઞાનમંદિરની પ્રવૃત્તિ વિશે જાણકારી મેળવવા **https://linktr.ee/gnanmandirgurukul** પર જઈ શકો છો. વધુ વિગત જાણવા અને ઈન્ટરવ્યુ માટે રજિસ્ટ્રેશન કરાવવા માટે જ્ઞાનમંદિર ઓફિસનો સવારે ૧૦ થી ૧૨ તથા બપોરે ૩ થી ૬ દરમ્યાન સંપર્ક કરવો. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૧.

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'પ્રવેગ ટીવી' ચેનલ** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 (हिन्दी में)
- **'आस्था हिन्दी'** पर हर रोज़ रात 10 से 10-20 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45, सोम से शुक्र दोपहर 3-30 से 4 तथा शनि-रवि दोपहर 11-30 से 12 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 6-30 से 7 (कन्नड़ा में)

**USA -Canada** ➢ **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

**UK** ➢ **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

**Australia** ➢ **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

**Fiji-NZ-Sing.-SA-UAE** ➢ **Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.** ➢ **'આસ્થા ગ્લોબલ'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### રાજકોટ

**૯-૧૦ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **પ્રશ્નોત્તરી સત્સંગ**
**૧૧ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** કાર્તિક પાર્ટી પ્લોટ, ૮૦ ફૂટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ. **સંપર્ક :** ૯૯૦૯૯૭૭૪૪૦

### ભાવનગર ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**૧૬ ફેબ્રુઆરી** (શુક્ર) સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૧૭ ફેબ્રુઆરી** (શનિ) સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**
**૧૮ ફેબ્રુઆરી** (રવિ) સવારે ૧૦ થી ૧૨-૩૦ - **પ્રાણપ્રતિષ્ઠા** તથા સાંજે ૪-૩૦ થી ૭-૩૦ - **પ્રક્ષાલ-પૂજન-આરતી**
**૧૮ ફેબ્રુઆરી** (રવિ) રાત્રે ૯ થી ૧૦-૩૦ - **ભક્તિ**
**૧૯ ફેબ્રુઆરી** (સોમ) સવારે ૯ થી ૧૦ - **ત્રિમંદિર દ્વાર ઓપનીંગ**
**સ્થળ :** ત્રિમંદિર, રંગોલી પાર્ક પાસે, ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ, ભાવનગર. **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૨૫
વિશેષ સૂચના : **પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ ફક્ત એક જ દિવસનો હોવાથી રહેવાની સુવિધા ઉપલબ્ધ નથી.** જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

### અડાલજ - દાદાનગર

**૧૬ માર્ચ** (શનિ) સાંજે ૫ થી ૭ - **પ્રશ્નોત્તરી સત્સંગ** તથા **૧૭ માર્ચ** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૯ માર્ચ** (મંગળ) - **પૂજ્ય નીરુમાની ૧૮મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

---

**Pujya Deepakbhai's UK Satsang Schedule - 2024**

| Date | Day | From | to | Event | Venue |
|---|---|---|---|---|---|
| 04-Apr-24 | Thu | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD. |
| 05-Apr-24 | Fri | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | |
| 06-Apr-24 | Sat | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 06-Apr-24 | Sat | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 07-Apr-24 | Sun | 10:30 AM | 12:30 PM | Pujyashree Satasang | |
| 08-Apr-24 | Mon | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Shree Prajapati Community Centre, 21, Ulverscroft Road, **Leicester**, LE4 6BY. |
| 09-Apr-24 | Tue | 7:00 PM | 10:00 PM | **GNAN VIDHI** | |

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અમદાવાદ : સત્સંગ-જ્ઞાનવિધિ-ઈન્ફોર્મલ-ફૂડમેલા : તા. ૧૩ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૩




## અડાલજ : પારાયણ તથા મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા : તા. ૨૩ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩



ફેબ્રુઆરી ૨૦૨૪
વર્ષ-૨૯, અંક-૬
સળંગ અંક-૩૪૨

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95 Reg. no. G-GNR-347
valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## આત્મકલ્યાણકારી વીતરાગી સ્યાદ્વાદ વાણી !

વીતરાગ વાણી જ એકલી મોક્ષે લઈ જનાર છે. અમારી વાણી મીઠી, મધુરી હોય. પૂર્વે ક્યારેય સાંભળેલી ના હોય તેવી અપૂર્વ હોય, ડિરેક્ટ (પ્રત્યક્ષ) વાણી હોય. ડિરેક્ટ વાણી જો એક કલાક જ સાંભળે તો સમકિત થઈ જાય. અમારી વાણી સ્યાદ્વાદ હોય. કોઈનું પણ પ્રમાણ ન દુભાય, એનું નામ સ્યાદ્વાદ. સર્વ વ્યૂ પોઈન્ટને માન્ય કરે. કારણ કે અમે પોતે સેન્ટરમાં હોઈએ. અમારી વાણી નિષ્પક્ષપાતી હોય. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખોજા બધા જ અમારી વાણી સાંભળે છે ને તેમને અમે આપ્તપુરુષ લાગીએ છીએ. કારણ અમને ભેદબુદ્ધિ ના હોય. બધાંની મહીં હું જ બેઠેલો હોઉં ને ! બોલનારેય હું ને સાંભળનારેય હું જ. સંપૂર્ણ રીતે સામાનું આત્મકલ્યાણ કેમ કરીને થાય એ ભાવવાળી વાણી, તે જ વીતરાગ વાણી ! અને એ જ એનું કલ્યાણ કરે, ઠેઠ મોક્ષે લઈ જાય !

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.